અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ ડિસેમ્બર ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર સુદ ૧૪ | અંક : ૧૬૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચાર કલાક સુધી પ્રયાગરાજની મુલાકાત લીધી

## પ્રયાગરાજમાં નવો ઈતિહાસ લખાઈ રહ્યો છે : વડાપ્રધાન

### મોદીએ મહાકુંભ મેળા માટેના વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું અને અનેક વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે શુક્રવારે લગભગ ચાર કલાક સુધી પ્રયાગરાજની મુલાકાત લીધી હતી, જે દરમિયાન તેમણે મહાકુંભ મેળા માટેના વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું હતું અને લગભગ રૂ. ૫૫૦૦ કરોડના ખર્ચે અનેક વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું હતું. નિરીક્ષણ બાદ જનતાને સંબોધતા તેમણે મુખ્યમંત્રી યોગીના પ્રયાસોની પ્રશંસા કરી અને કહ્યું કે, પ્રયાગરાજમાં એક નવો ઈતિહાસ લખાઈ રહ્યો છે.' તેમણે કાર્યકરોનો આભાર માનીને ભાષણની શરૂઆત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, જ્યારે સંદેશાવ્યવહારના આધુનિક માધ્યમો નહોતા ત્યારે કુંભ જેવી ઘટનાઓએ મોટા સામાજિક પરિવર્તનનો પાયો નાખ્યો હતોપ કુંભમાં સંત અને જ્ઞાની લોકો ભેગા મળીને સમાજના સુખ-દુઃખની ચર્ચા કરતા હતા, વર્તમાન અને ભવિષ્ય પર ચિંતન કરતાં હતા. આજે પણ કુંભ જેવી મોટી ઘટનાઓનું મહત્ત્વ એટલું જ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, હું ખાસ કરીને કર્મચારીઓ, મજૂરો અને સફાઈ કામદારોને અભિનંદન આપું છું જેઓ મહાકુંભને સફળ બનાવવા માટે દિવસ-રાત કામ કરી રહ્યા છેપ આવતા વર્ષે મહાકુંભનું આયોજન દેશની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઓળખને નવા શિખરે લઈ જશે. તેમણે કહ્યું કે, હું પૂરા વિશ્વાસ સાથે કહું છું કે જો મારે આ મહાકુંભનું વર્ણન કરવું હોય તો હું કહીશ કે આ એકતાનો આટલો મોટો યજ્ઞ હશે જેની સમગ્ર વિશ્વમાં ચર્ચા થશે. આ પ્રસંગની ભવ્ય અને દિવ્ય સફળતા માટે હું તમને શુભેચ્છા પાઠવું છું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આ ગંગા, યમુના, સરસ્વતી, કાવેરી, નર્મદા જેવી અસંખ્ય પવિત્ર નદીઓનો દેશ છે.



**કુંભમાં સંત અને જ્ઞાની લોકો ભેગા મળીને સમાજના સુખ-દુઃખની ચર્ચા કરતા હતા**

**આ છે પ્રયાગ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, જ્યારે સંદેશાવ્યવહારના આધુનિક માધ્યમો નહોતા ત્યારે કુંભ જેવી ઘટનાઓએ મોટા સામાજિક પરિવર્તનનો પાયો નાખ્યો હતો. કુંભમાં સંત અને જ્ઞાની લોકો ભેગા મળીને સમાજના સુખ-દુઃખની ચર્ચા કરતા હતા, વર્તમાન અને ભવિષ્યનું ચિંતન કરતા હતા. આજે પણ કુંભ જેવી મોટી ઘટનાઓનું મહત્ત્વ એટલું જ છે. આવી ઘટનાઓ દ્વારા દેશના ખૂણે-ખૂણે, સમાજ અને દેશમાં એક સકારાત્મક સંદેશ જાય છે, રાષ્ટ્રીય વિચારનો પ્રવાહ અવિરત વહેતો રહે છે. આ પહેલા પોતાના સંબોધન દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ મહાકુંભ દરમિયાન થઈ રહેલા કામોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, ૨૦૨૫ના પ્રયાગરાજ મહાકુંભની શરૂઆતને ધ્યાનમાં રાખીને તમામ સનાતન ધર્મ અનુયાયીઓ માટે વડાપ્રધાનનું આગમન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આજે અહીં હજારો કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન થવા જઈ રહ્યું છે. મુખ્યમંત્રીના જણાવ્યા અનુસાર, વડાપ્રધાનની પ્રેરણા, માર્ગદર્શન અને આદર્શો પર સેંકડો વર્ષો પછી ૨૦૧૯ના પ્રયાગરાજ કુંભમાં પ્રથમ વખત ભક્તોએ અક્ષયવટના દર્શન કર્યા. આ વખતે અક્ષયવટ કોરિડોરનું ઉદ્‌ઘાટન થવા જઈ રહ્યું છેપ બડે હનુમાનજી મંદિર કોરિડોરનું પણ ઉદ્‌ઘાટન થવા જઈ રહ્યું છે.**

### ખેડૂતોને ગાંધીવાદી રીત અપનાવવાની સલાહ આપી

## સુપ્રીમ કોર્ટે ખેડૂત આંદોલન મુદ્દે પંજાબ-કેન્દ્રને આપી ચેતવણી

### કોર્ટે આંદોલનકારી ખેડૂતોને અસ્થાયી વિરોધ પ્રદર્શન અટકાવવા તેમજ રસ્તા પરથી હટી જવાનું કહ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

પંજાબ અને હરિયાણાની બોર્ડર પર ખેડૂતો 'દિલ્હી કૂચ' આંદોલન કરીને દિલ્હીમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા છે, તો બીજીતરફ પોલીસ તેમને અટકાવવા માટે ટીયર ગેસના સેલ છોડવા સહિતનો બળપ્રયોગ કરી રહી છે. હવે આ મામલે સુપ્રીમ કોર્ટે મહત્ત્વનો આદેશ આપ્યો છે. કોર્ટે દેખાવો કરી રહેલા ખેડૂતોને ગાંધીવાદી રીત અપનાવવાની સલાહ આપી છે. કોર્ટે આંદોલનકારી ખેડૂતોને અસ્થાયી વિરોધ પ્રદર્શન અટકાવવા તેમજ રસ્તા પરથી હટી જવાનું કહ્યું છે. આ ઉપરાંત કોર્ટે આમરણાંત ઉપવાસ પર બેઠેલા ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલના આરોગ્યની પણ ચિંતા કરી છે. કોર્ટે ખેડૂત નેતા ડલ્લેવાલને તુરંત તબીબી સહાય પુરી પાડવા પંજાબ અને કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે. તેમજ તેમને આમરણાંત ઉપવાસ તોડવા માટે સમજાવવા કહ્યું છે. કોર્ટે સરકારના પ્રતિનિધિઓ તુરંત ડલ્લેવાલ સાથે મુલાકાત કરવા તેમજ તેમના વિરોધને તોડવા માટે કોઈપણ પ્રકારનો બળપ્રયોગ ન કરવાની ચેતવણી આપી છે. ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલ ૨૬ નવેમ્બરથી પંજાબ અને હરિયાણા વચ્ચેની ખનૌર બોર્ડર પર આમરણાંત ઉપવાસ પર બેઠા છે. તેઓ લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) ગેરંટી આપવા માટે વટહુકમ લાવવા તેમજ ખેડૂતોની અન્ય માંગણીઓ મુદ્દે ઉપવાસ પર બેઠા છે. ખેડૂતો સંયુક્ત કિસાન મોરચો (બિનરાજકીય) અને કિસાન મજદૂર મોરચાના બેનર હેઠળ ૧૩ ફેબ્રુઆરીથી પંજાબ અને હરિયાણા વચ્ચેની શંભૂ અને ખનૌરી બોર્ડર પર દેખાવો કરી રહ્યા છે. આ દરમિયાન પોલીસે તેમેન દિલ્હી કૂચ કરતા અટકાવ્યા હતા. અરજદારનો આક્ષેપ છે કે, ખેડૂતો અને તેમના સંગઠનોએ પંજાબમાં તમામ રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો અનિશ્ચિત સમય માટે બંધ કરી દીધા છે.

## પવારે નાણાં મંત્રાલયની જીદ પકડી, શિંદેને મનાવવા ભાજપમાં દોડાદોડ

। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારના કેબિનેટનું વિસ્તરણ ૧૪ ડિસેમ્બરે થવાની શક્યતા છે. ગુરૂવારે ડેપ્યુટી સીએમ અજિત પવારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. તે સમયે તેમણે એનસીપીને ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટ આપવાની માગ કરતાં ચીમકી પણ આપી હતી. પવારે કહ્યું કે, જો તેમને આ ખાતું સોંપવામાં ન આવ્યું તો મહાયુતિ સરકારનો કોઈ અર્થ રહેતો નથી. અજિત પવારની અમિત શાહ સાથેની મુલાકાત બાદ એનસીપીના પ્રવક્તા અમોલ મિટકરીએ આ અંગે જણાવ્યું હતું. અમોલ મિટકરીએ જણાવ્યું હતું કે, અજિત પવારને નાણાં મંત્રાલય સોંપવામાં ન આવે તો સરકારનો કોઈ અર્થ રહેશે નહીં. ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત દરમિયાન અજિત પવાર સાથે પ્રફુલ પટેલ અને સુનીલ તટકરે અને અજિત પવારના પત્ની ઉપસ્થિત હતા. ૨૦૨૪ની ચૂંટણી પહેલાં શરૂ કરવામાં આવેલી મહારાષ્ટ્રમાં લાડલી બહેન યોજના અને ખેડૂતો માટે વીજ બીલ માફી જેવી યોજનાઓના લીધે સરકાર પર નાણાકીય બોજો પડે નહીં તેનું ધ્યાન અજિત પવાર સારી રીતે રાખી શકે છે. મહારાષ્ટ્રમાં નાણાકીય રીતે અનુશાસન માટે ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટ અજિત પવારને જ સોંપવું જોઈએ. મિટકરીએ વધુમાં જણાવ્યું હતું કે, નાણાં મંત્રાલય અજિત પવાર માટે એકદમ યોગ્ય છે. તે ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટ માટે પરફેક્ટ નેતા છે. અમને જાણવા મળ્યું છે કે, ગૃહ મંત્રાલય ભાજપ ને મળી રહ્યું છે. તે તેમના માટે યોગ્ય છે. પરંતુ નાણાં મંત્રાલય એનસીપી માટે અનુકૂળ છે. જો અજિત પવારને નાણાં મંત્રાલય સોંપવામાં ન આવે તો મહાયુતિ હોવાનો કોઈ અર્થ નથી.

## ચેસ વર્લ્ડ ચેમ્પિયન ગુકેશ પર છપ્પરફાડ પૈસાનો વરસાદ

। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

૧૮ વર્ષના ભારતીય ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશે ડિંગ લિરેનને ૭.૫-૬.૫થી હરાવીને ૨૦૨૪ વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ જીતી. આ સાથે જ તે ચેસ ઈતિહાસનો સૌથી યુવાન વર્લ્ડ ચેમ્પિયન પણ બની ગયો. વિશ્વભરમાંથી તેને શુભકામનાઓ મળી રહી છે. ચેસના દિગ્ગજ ખેલાડી પણ આ સિદ્ધિ પર ગુકેશની પ્રશંસા કરી રહ્યાં છે. ઘણા લોકો ઉત્સુક હશે કે ગુકેશે આ ખિતાબની સાથે કેટલી પ્રાઈઝ મળી જીતી. ભારતના ડી ગુકેશે ગુરુવારે સિંગાપુરમાં ૧૪માં રાઉન્ડની મેચમાં ચીનના ડિંગ લિરેનને હરાવીને ચેસમાં સૌથી નાની ઉંમરનો વર્લ્ડ ચેમ્પિયન બનીને ઈતિહાસ રચી દીધો. ચેન્નઈના ૧૮ વર્ષના આ ખેલાડીએ ડિફેન્ડિંગ ચેમ્પિયનને માત આપતાં મેચ ૭.૫-૬.૫ થી જીતી લીધી અને વર્લ્ડ ચેસ ચેમ્પિયન બનનાર બીજો ભારતીય બની ગયો. તે ૨૧ વર્ષની ઉંમરમાં ખિતાબ જીતવાના ગૈરી કાસ્પારોવના રેકોર્ડને તોડનાર સૌથી નાની ઉંમરનો ખેલાડી બની ગયો. ગુકેશે જીત બાદ ખુશી વ્યક્ત કરતાં કહ્યું, 'જ્યારથી મે ચેસ રમવાનું શરૂ કર્યું છે ત્યારથી હું છેલ્લા ૧૦-૧૨ વર્ષોથી તેનું સ્વપ્ન જોઈ રહ્યો છું. તેને સમજવાની એકમાત્ર રીત એ છે કે હું પોતાનું સ્વપ્ન જીવી રહ્યો છું. સૌથી પહેલા ભગવાનનો આભાર છે કે હું એક ચમત્કાર જીવી રહ્યો છું અને આ માત્ર ભગવાનના કારણે જ શક્ય થઈ શક્યું. તેણે ડિંગ લિરેનના વખાણ કરતાં કહ્યું કે તેણે શારીરિક રીતે સારી સ્થિતિમાં ન હોવા છતાં આ મેચમાં જે સંઘર્ષ કર્યો, તે પ્રશંસનીય છે.' ગુકેશે ૭ વર્ષની ઉંમરમાં પોતાની નિયતિનું સ્વપ્ન જોયું અને એક દાયકાથી પણ ઓછા સમયમાં તેને હકીકતમાં બદલી દીધું.

### ન્યૂઝ બ્રિફ

#### ડોનાલ્ડ ટ્રમ્પને ટાઇમ મેગેઝિનનું પર્સન ઓફ ધ યરનું સન્માન મળશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૩ ।

ડોનાલ્ડ ટ્રમ્પ લગભગ છ મહિના પહેલા લોઅર મેનહટનની એક કોર્ટમાં બેઠા હતા અને આ દરમિયાન જ્યુરી દ્વારા આપવામાં આવેલા નિર્ણયે તેમની એક નવી ઓળખ બનાવી હતી. તેઓ ગુનામાં દોષિત ઠરનાર પ્રથમ અમેરિકી રાષ્ટ્રપતિ બન્યા છે. ટ્રમ્પ હવે ગુરુવારે આ કોર્ટથી થોડે દૂર આવેલા ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જ (NYSE) ખાતે ઘંટ વગાડીને તેના (સત્ર)ની શરૂઆત કરશે.

#### આપણે હજુ સત્ય નથી જાણતા : પૂર્વ CJI ચંદ્રચૂડ

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૩ ।

સોફ્ટવેર એન્જિનિયર અતુલ સુભાષની આત્મહત્યાનો મામલો જોર પકડી રહ્યો છે. આ દરમિયાન ભારતના પૂર્વ ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે આ મામલે પ્રતિક્રિયા આપી છે. તેમણે કૌટુંબિક કાયદામાં મોટા પાયે સુધારાની જરૂરિયાત વ્યક્ત કરી છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે આવા કેસોને ઉકેલવામાં જેટલો વધુ સમય લાગે છે તેટલો વધુ જટિલ બને છે. પોલીસ સુભાષની પત્ની નિકિતા સિંઘાનિયાને શોધી રહી છે.

### આ દેશ ઉઠશે, લડશે અને સત્ય માંગશે : કોંગ્રેસ

## સંસદમાં પહેલા ભાષણથી જ છવાઈ ગયા પ્રિયંકા ગાંધી

**બધી સંપત્તિ, તમામ બંદરો, એરપોર્ટ, રસ્તા, રેલ્વેનું કામ, ખાણો, કારખાનાઓ માત્ર એક જ વ્યક્તિને આપવામાં આવે છે : પ્રિયંકા ગાંધી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

પ્રિયંકા ગાંધી વાડ્રાએ લોકસભામાં પ્રથમ ભાષણ આપ્યું હતું. વિપક્ષના સભ્યોએ ભાષણ દરમિયાન વારંવાર તેમણે તાળીઓથી વધાવી દીધા હતા. પ્રિયંકાએ પોતાના ભાષણમાં ઉન્નાવ રેપ કેસનો ઉલ્લેખ કર્યો હતો. સંભલ હિંસા વિશે વાત કરી. તેના બહાને ભાજપને ઘેરી લીધું હતું. કહ્યું કે આ દેશનું બંધારણ છે, સંઘનું બંધારણ નથી. જાતિની વસ્તી ગણતરી શા માટે જરૂરી છે તેની તરફેણમાં દલીલો ગણાવી. ચૂંટણી દરમિયાન પીએમ મોદીના 'મંગલસૂત્ર'ના નિવેદન પર પણ ટોણો મારવામાં આવ્યો હતો. સરકાર પર દેશના સંસાધનો ચોક્કસ વ્યક્તિને આપવાનો આરોપ લગાવ્યો. મોદી સરકાર દ્વારા વિપક્ષી નેતાઓના કથિત



દમનનો મુદ્દો ઉઠાવ્યો. કહ્યું કે આ દેશ ડરથી નહીં ચાલે, હિંમતથી જ ચાલી શકે છે. આ દેશ કાયમ માટે કાયરોના હાથમાં નહીં રહે, આ દેશ ઊભો થશે, આ દેશ લડશે. પ્રિયંકા ગાંધીએ કહ્યું, 'બંધારણ માત્ર એક દસ્તાવેજ નથી પરંતુ નેહરુ અને રાજગોપાલચારીનું વિઝન છે. તે સમયના તમામ નેતાઓએ આ બંધારણ બનાવવા માટે વર્ષો સુધી કામ કર્યું હતું. આપણું બંધારણ ન્યાય, આશા, અભિવ્યક્તિ અને આકાંક્ષાનો પ્રકાશ છે જે દરેક ભારતીયના હૃદયમાં છે, આ પ્રકાશ દરેક ભારતીયને શક્તિ આપે છે કે તેને ન્યાય મેળવવાનો અધિકાર છે. કે જ્યારે તે પોતાનો અવાજ ઉઠાવશે તો સરકારે તેની સામે ઝુકવું પડશે. આ બંધારણે દરેક નાગરિકને સરકાર બનાવવાનો કે નીચે લાવવાનો અધિકાર આપ્યો છે. તેમણે કહ્યું, 'ઉન્નાવમાં, હું બળાત્કાર પીડિતાના ઘરે ગઈ હતી, તેણે સળગાવીને મારી નાખવામાં આવી હતી તે કદાચ ૨૦-૨૧ વર્ષની હતી. જ્યારે તે તેની લડાઈ લડવા ગઈ ત્યારે તે બળીને મરી ગઈ. હું તે છોકરીના પિતાને મળી, તેમના ખેતરો સળગાવી દેવામાં આવ્યા, તેમના ભાઈઓને માર મારવામાં આવ્યો, તેમના પિતાને ઘરની બહાર માર મારવામાં આવ્યો.

### વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું

## અન્ય પડોશીઓની જેમ ભારત પણ પાકિસ્તાન સાથે સારા સંબંધો ઈચ્છે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે શુક્રવારે (૧૩ ડિસેમ્બર, ૨૦૨૪) લોકસભામાં કહ્યું કે ભારત અન્ય પડોશી દેશોની જેમ પાકિસ્તાન સાથે સારા સંબંધો ઈચ્છે છે, પરંતુ અમે આતંકવાદ મુક્ત પાડોશી ઈચ્છીએ છીએ. જયશંકરે આ વાત ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોને સુધારવા માટે સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલા પગલા અંગેના એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે આતંકવાદ પર ભારતનું વલણ એકદમ સ્પષ્ટ છે અને પાકિસ્તાનને પણ આ વાત વારંવાર વ્યક્ત કરવામાં આવી છે. આ પાકિસ્તાનીઓને બતાવવા માટે છે કે તેઓ તેમના જૂના વર્તનને બદલી રહ્યા છે કે નહીં, જો તેઓ નહીં બદલાય તો તેની અસર દ્વિપક્ષીય સંબંધો પર પડશે. ભારતીય જનતા પાર્ટીના સાંસદ નવીન જિંદાલે લોકસભામાં તેમને પૂછ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો સુધારવા માટે સરકાર શું કરી રહી છે.

નવીન જિંદાલના સવાલો પર જયશંકરે કહ્યું, 'જો આપણે પાકિસ્તાન સાથે સંબંધો સુધારવાની વાત કરીએ તો અન્ય પડોશીઓની જેમ અમે પણ પાકિસ્તાન સાથે સારા સંબંધો ઈચ્છીએ છીએ, પરંતુ અન્ય પડોશીઓની જેમ અમે પણ ઈચ્છીએ છીએ કે પાકિસ્તાન આતંકવાદ બંધ કરે. અમે સ્પષ્ટ કર્યું છે કે પાકિસ્તાને ભૂતકાળમાં જે વલણ અપનાવ્યું છે તેને બદલવું પડશે અને જો તે આમ નહીં કરે તો તેની અસર સંબંધો પર પડે તે સ્વાભાવિક છે. તેથી આ મામલે બોલ પાકિસ્તાનના કોર્ટમાં છે અને તે જાણે છે કે જે પણ કરવાનું છે.

## તમિલનાડુના ડિંડીગુલની ખાનગી હોસ્પિટલમાં ભીષણ આગ ફાટી નીકળી

। (એજન્સી) તમિલનાડુ, તા.૧૩ ।

તમિલનાડુના ડિંડીગુલ જિલ્લામાં ત્રિચી રોડ પર સ્થિત સિટી પ્રાઈવેટ હોસ્પિટલમાં ગુરુવારે રાત્રે ભીષણ આગ લાગી છે. આ દુર્ઘટનામાં એક બાળક અને ૩ મહિલાઓ સહિત ૭ લોકોના મોત થયા છે. જ્યારે ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે.આ દુર્ઘટના બાદ હોસ્પિટલમાં હોબાળો મચી ગયો છે. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને બચાવ કામગીરી શરૂ કરી છે. ડિંડીગુલ જિલ્લા કલેક્ટર અને એસપી સહિત તમામ ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળ પર હાજર છે અને તમામ જાણકારી મેળવી રહ્યા છે. હાલમાં હોસ્પિટલમાં કેટલા લોકો ફસાયા છે તેની માહિતી સામે આવી નથી.જણાવવામાં આવી રહ્યું છે કે આજે રાત્રે લગભગ ૯ વાગે હોસ્પિટલમાં ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ લાગી છે. આગ ઝડપથી ફેલાઈ હતી અને હોસ્પિટલના આગળના ભાગને લપેટમાં લીધો છે. આગને કારણે દર્દીઓ, એટેન્ડન્ટ્સ અને મેડિકલ સ્ટાફ સહિત ૫૦થી વધુ લોકો હોસ્પિટલની અંદર ફસાયા છે.

માહિતી મળતાં જ ડીંડીગુલ ફાયર અને રેસ્ક્યુ સર્વિસે ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી દીધી છે.ધુમાડાથી અસરગ્રસ્ત દર્દીઓ અને અન્ય લોકોને તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી અને ખાનગી એમ્બ્યુલન્સની મદદથી ડિંડીગુલ સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલ અને નજીકની ખાનગી હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા છે. આ દરમિયાન ૭ લોકોને તબીબોએ મૃત જાહેર કર્યા છે. ૨૦થી વધુ લોકો હજુ પણ ઘાયલ છે અને તેમની સારવાર ચાલી રહી છે.

મૃતકોમાં ૧ બાળક અને ૩ મહિલાઓ સહિત ૭ લોકોનો સમાવેશ થાય છે.દુર્ઘટનાની માહિતી મળતાની સાથે જ ડિંડીગુલ જિલ્લા કલેક્ટર પૂંગોડી અને એસપી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા અને બચાવ કામગીરીનું નિરીક્ષણ કર્યું છે.

## ઇસ્તંબુલ એરપોર્ટ પર ફસાયા સેંકડો ભારતીયો

। (એજન્સી) ઇસ્તંબુલ, તા.૧૩ ।

તૂર્કિયેથી મુંબઈની મુસાફરી કરનાર સેંકડો વિમાન મુસાફરોને ગુરુવારે (૧૨ ડિસેમ્બર) મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આશરે ૪૦૦ ઈન્ડિગો મુસાફરો કથિત રીતે ઈસ્તંબુલ એરપોર્ટ પર ૨૪ કલાક સુધી ફસાયેલા રહ્યા હતા. એક મુસાફરના સવાલના જવાબમાં એરલાઈન્સે કહ્યું કે, સંચાલનના કારણે ઉડાનમાં મોડું થયું હતું.

અમુક ઈન્ડિગો મુસાફરોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ અને લિંક્ડઈન પર દાવો કર્યો કે, પહેલાં ફલાઈટમાં મોડું થવાની વાત કહેવામાં આવી અને બાદમાં સૂચના મળી કે, તેને રદ કરી દેવામાં આવી છે. મુસાફરોમાંથી એક અનુશ્રી ભંસાલીએ કહ્યું કે, ઉડાનમાં બે વાર એક-એક કલાકનું મોડું થયું અને બાદમાં તેને રદ કરી દેવામાં આવી, અંતે ૧૨ કલાક બાદ ફરી નવો સમય સુનિશ્ચિત કરવામાં આવ્યો. અમુક મુસાફરોએ કહ્યું કે, ફલાઈટ મોડી થયા બાદ ઈન્ડિગો દ્વારા કોઈ આવાસ કે ફૂડ વાઉચર પણ આપવામાં આવ્યું નહતું.

### હાઇકોર્ટના હુકમને પતિએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો

# ભરણપોષણ એ મૂળભુત અધિકાર તથા જીવન ટકાવી રાખવાનો અધિકાર છે : સુપ્રીમ કોર્ટ

### વધુમાં પતિને છ મહીનામાં સુરત ફેમીલી કોર્ટમાં ચડત ભરણપોષણની રકમ જમા કરાવવા નિર્દેશ આપ્યો હતો

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

સુરતના ડાયમંડ વ્યવસાયી પતિએ પોતાની પત્ની તથા સંતાનોને માસિક રૂા.૨ લાખ ચુકવવા ગુજરાત હાઈકોર્ટે કરેલા હુકમની કાયદેસરતાને પડકારતી અપીલને સુપ્રિમ કોર્ટના જસ્ટીશ સુર્યકાંત તથા જસ્ટીસ ઉજ્જવલ ભુયાનની ડીવીઝન બેન્ચે અંશતઃ ફેરફાર કરીને પત્નીને માસિક રૂા.૫૦ હજાર થતા બંને સંતાનોને રૂ.૨૫ હજાર મળીને કુલ ૧ લાખ ચડત ભરણ પોષણ હાઈકોર્ટના હુકમની તારીખથી ચુકવવા નિર્દેશ આપ્યો છે.જો પતિ ભરણ પોષણ ચુકવવા નિષ્ફળ જાય તો સુરત ફેમીલી કોર્ટે ચડત ભરણપોષણ વસુલ અપાવવા જરૂર જણાય તો પતિની સ્થાવર મિલકતોની હરાજી કરવા સુધીની કાર્યવાહી હાથ ધરવા નિર્દશ આપ્યો છે. સુરતના ડાયમંડ વ્યવસાય સાથે સંકળાયેલા પતિ તથા પત્ની વચ્ચે લગ્નજીવનની તકરાર દરમિયાન પત્નીએ પોતાના તથા બે સગીર સંતાનોના ભરણ પોષણ મેળવવા માટે એડવોકેટ મિનેશ ધનસુખભાઈ ઝવેરી મારફતે સુરત ફેમીલી કોર્ટમાં કેસ કર્યો હતો. જેની સુનાવણી બાદ સુરત ફેમીલી કોર્ટે રેકર્ડ પરના પુરાવા તથા કાનુની જોગવાઈને લક્ષમાં લઈ અરજદાર પત્નીને માસિક રૂા.૬ હજાર તથા બાળકોને માસિક રૂ.૩ હજાર લેખે ભરણ પોષણ ચુકવવા હુકમ કર્યો હતો. જે હુકમથી નારાજ થઈને પત્નીએ સીનીયર કાઉન્સેલ રાજન જાધવ મારફતે ભરણપોષણની રકમમાં વધારો કરી ટ્રાયલ કોર્ટના હુકમની કાયદેસરતાને હાઈકોર્ટમાં રીવીઝન અરજી કરીને પડકારી હતી. જેની સુનાવણી દરમિયાન હાઈકોર્ટની તાકીદ છતાં ડાયમંડ કંપનીમાં મેનેજર એવા પતિએ પોતાના આવકના પુરાવા કે રીટર્ન રજુ કર્યા નહોતા.જેથી અરજદાર પત્ની તરફેની રજુઆતોને માન્ય રાખી ગુજરાત હાઈકોર્ટે ગઈ તા.૧૨-૯-૨૨ના રોજ અરજદાર પત્નીને માસિક રૂા.૧ લાખ તથા બંને બાળકોને માસિક રૂા.૫૦ હજાર લેખે કુલ માસિક રૂા. ૨ બે ભરણ પોષણ ચુકવવા પતિને હુકમ કર્યો હતો.

## ફ્લાવર શોની ટિકિટના દરમાં વધારો કરવામાં આવ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદ શહેરમાં દર વર્ષે યોજાતા ફ્લાવર શોની સૌ કોઈ આતુરતાથી રાહ જોતાં હોય છે. શહેરીજનો જ નહીં પરંતુ ગુજરાતભરના લોકો ફ્વાવર શોની મુલાકાત લઈ ફૂલોની મહેક લેતાં હોય છે, ત્યારે આ વર્ષે યોજાનારા ફ્લાવર શોની ટિકિટને લઈને સમાચાર સામે આવ્યા છે. ફ્લાવર શો ૨૦૨૫ના ટિકિટના દર નક્કી કરવામાં આવ્યા છે. જોકે, આ વર્ષે ફ્લાવર શોની મુલાકાત મોંઘી પડવાની છે. કેમ કે, ટિકિટના દરમાં વધારો કરવામાં આવ્યો છે. દર વર્ષે લાખો લોકો ફ્લાવર શોની મુલાકાત લેતાં હોય છે, ત્યારે મુલાકાતીઓને હવે વધુ પૈસા ખર્ચવા પડે તેમ છે. કેમ કે, ફ્લાવર શો ૨૦૨૫માં સોમવારથી શુક્રવારે મુલાકાતીઓને ૭૦ રૂપિયા ખર્ચવા પડશે.

### વડોદરામાં હરણી બોટકાંડ કેસમાં

# ૧૫ આરોપીઓએ બિનતહોમત છૂટવા કોર્ટમાં કરી જામીન અરજી

### મોટર વ્હિકલ એક્ટ હેઠળ ભોગ બનનારા પરિવારજનોને વળતર ચૂકવવા માટે આદેશ કરવામાં આવ્યો છે

। (એજન્સી) વડોદરા, તા.૧૩ ।

વડોદરામાં હરણી બોટકાંડમાં મોટા સમાચાર સામે આવ્યા છે,જેમા ૧૫ આરોપીઓની બિનતહોમત છૂટવા કોર્ટમાં અરજી કરી છે,બોટકાંડમાં મોટો રોલ ન હોવાનો અરજીમાં ઉલ્લેખ કરાયો છે,તો આ સમગ્ર કેસમાં ૨૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.અરજી કરનાર મોટા ભાગે ૫ થી ૧૦ ટકાના ભાગીદાર હોવાની વાત સામે આવી છે, બોટકાંડમાં હજુ કોર્ટમાં બંને પક્ષની દલીલો બાકી છે અને કોર્ટમાં અરજીઓ હજુ ન્યાય માટે પેન્ડિંગ છે, ત્યારે કોર્ટ શું નિર્ણય લે શે તેની પર સૌ કોઈની નજર છે.વળતરની રકમ જેમના પર આરોપ છે તેવા કોટિયા પ્રોજેક્ટના માલિકોને ચૂકવવામાં આદેશ કરાયો છે. તેમજ હાઈકોર્ટે આ માટે વડોદરા કલેક્ટરને હરણી બોટ કાંડનો ભોગ બનેલા પીડિતોની તમામ વિગતો રજુ કરવા આદેશ કરાયો હતો. મોટર વ્હિકલ એક્ટ હેઠળ પરિવારજનોને વળતર ચૂકવવા માટે આદેશ કરવામાં આવ્યો છે. સમગ્ર ઘટનામાં પીડિતોની વિગત મળ્યા બાદ વળતરની રકમ કલેક્ટર દ્વારા નક્કી કરવામાં આવશે. તેમજ આગામી સુનાવણી ૮ આઠવીડિયા બાદ હાથ ધરવામાં આવશે. પીડીતોને મોટર વ્હીકલ એક્ટ મુજબ વળતરની ગણતરી કરવાની રહેશે આ બાબતે પીડિતોએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાં પોતાની રજૂઆત કરવાની રહેશે અને સત્તા મંડળ દ્વારા વકીલ મારફતે નિયુક્ત અધિકારી સમક્ષ દરખાસ્ત કરવામાં આવશેવડોદરા હરણી તળાવ બોટ દુર્ઘટના મામલે ગુજરાત હાઈકોર્ટના ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેંચ સમક્ષ સુઓમોટો પિટિશન ઉપર વધુ સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં સરકારે જણાવ્યું હતું કે, રાજ્યમાં પર્યટન પ્રવૃત્તિ વધી છે. સરકારે ૧૯ ફેબ્રુઆરીએ ઠરાવ કરીને લોકોની સલામતી માટે એક હાઈ લેવલ કમિટીની રચના કરી હતી.

## JNUમાં ’ધ સાબરમતી રિપોર્ટ’ ફિલ્મના સ્ક્રીનિંગ પર હોબાળો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટી માં ’ધ સાબરમતી રિપોર્ટ’ ફિલ્મના સ્ક્રીનિંગને લઈને મોટો હોબાળો થયો છે. ફિલ્મના સ્ક્રીનિંગના વિરોધમાં કેમ્પસમાં લગાવેલા પોસ્ટર ફાડવામાં આવ્યા. મળતી માહિતી અનુસાર, સાબરમતી ફિલ્મનું પોસ્ટર ફાડ્યા બાદ પથ્થરમારાની ઘટના પણ બની હતી. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ જવાહરલાલ નેહરૂ વિશ્વવિદ્યાલયમાં હાલમાં જ રિલીઝ થયેલી વિક્રાંત મૈસીની ફિલ્મ ’ધ સાબરમતી રિપોર્ટ’નું સક્રીનિંગ કરાયું હતું. આ દરમિયાન તેનો વિરોધ થયો અને પોસ્ટર ફાડવામાં આવ્યા. છમ્ફઁએ અભિવ્યક્તિની આઝાદી પર હુમલાની ટીકા કરી. સ્ક્રીનિંગ દરમિયાન થયેલા કાયરતાપૂર્ણ હુમલાની ટીકા કરતા છમ્ફઁના વિદ્યાર્થીઓએ કહ્યું કે, ‘અજાણ્યા ઉપદ્રવીઓ દ્વારા શાંતિપૂર્ણ દર્શકો પર પથ્થરમારો કરવામાં આવ્યો. જેનાથી હજારો વિદ્યાર્થીઓ અને હાજર લોકોના જીવ જોખમમાં મુકાયા.’ધ સાબરમતી રિપોર્ટ એક એવી ફિલ્મ છે, જે હાલમાં જ દેશભરમાં ખુબ ચર્ચામાં રહી છે. આ ફિલ્મ ૨૦૦૨ના ગુજરાત રમખાણો પર આધારિત છે અને તેણે એક મહત્ત્વ પૂર્ણ સામાજિક મુદ્દાને ઉઠાવ્યો છે. ફિલ્મ રિલીઝ થયા બાદથી જ વિવાદમાં રહી છે. કેટલાક લોકોએ ફિલ્મને એક તરફ ગણાવી છે, જ્યારે કેટલાક લોકોએ તેના વખાણ કર્યા છે. કેટલાક રાજ્યોમાં આ ફિલ્મને ટેક્સ ફ્રી જાહેર કરી દેવાઈ છે. આ ફિલ્મ ૨૦૦૨માં બનેલી સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં આગ લાગવાની ઘટના અને ત્યારબાદ થયેલા રમખાણોની તપાસ પર કેન્દ્રિત છે.

### એક શિયાળ અને ૧૧ સાપ પણ પકડવામાં આવ્યા

# જામનગરમાં નીલગાયના આંટાફેરા વધ્યા, 3 દિવસમાં ૪ ઘટના બની

।(એજન્સી) જામનગર, તા.૧૩।

જામનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી નીલગાય દેખાવાના કિસ્સાઓ વધી રહ્યા હતા. આ અંગે અનેક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. છેલ્લા ૩ દિવસમાં જામનગરમાં વન વિભાગની રેસ્ક્યુ ટીમ દ્વારા જામનગર શહેરના જુદા જુદા વિસ્તારમાંથી ૪ નીલગાયનું રેસ્ક્યુ કરી તેને કુદરતના ખોળે જંગલમાં વિહરતા કરવામાં આવ્યા હતા. જામનગરના આર્મી એરિયામાં નીલગાયને માથાના ભાગે ફેન્સિંગ વાયર ફસાયેલી હાલતમાં દેખાતા વન વિભાગને જાણ કરવામાં આવી હતી. જેને પગલે વન વિભાગ કંટ્રોલ રૂમને જાણ થતાં જ રેસ્ક્યુ માટે ટીમ દોડી ગઈ હતી. જ્યાં નીલગાયના માથામાં ફસાયેલ ફેન્સિંગ તાર કાઢી સાથે જ જરૂરી દવા આપી તેને પીડામુક્ત કરવામાં આવી હતી. ત્યારબાદ જી.જી. હોસ્પિટલ પાસે પણ નીલગાયે દેખા દીધી હતી. આથી હોસ્પિટલ સ્ટાફ દ્વારા વન વિભાગ કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી. જેને લઈને ટીમ તાબડતોબ દોડી ગઈ હતી. નીલગાયનું રેસ્ક્યુ કરી તેને જંગલ વિસ્તારમાં મુક્ત કરેલ છે. આમ છેલ્લા ૩ દિવસમાં વન વિભાગ કંટ્રોલ રૂમ દ્વારા ૪ નીલગાય, ૧ શિયાળ તેમજ ૧૧ સાપનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. ગઈકાલે જામનગરના નવાનાગના વિસ્તાર પાસેના રેલવે ક્રોસિંગ પરના રેલવે કર્મચારી દ્વારા કંટ્રોલ રૂમને ઘાયલ શિયાળ મામલે જાણ કરાઈ હતી. સવારે ટ્રેન અકસ્માતમાં શિયાળ ઈજાગ્રસ્ત થતાં રેસ્ક્યુ ટીમ પહોંચી હતી.

### પાંચ એજન્ટ સહિત ૯ની ધરપકડ

# દ્વારકામાં સરકારી રેકોર્ડમાં ચેડાં કરી પાસપોર્ટ બનાવવાનું કૌભાંડ ઝડપાયું

### એક સસ્પેન્ડેડ તલાટી મંત્રી અને પાંચ પાસપોર્ટ એજન્ટો સહિતના પોરબંદર, સુરત, વલસાડ અને દમણમાંથી નવ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે

। દેવભૂમિ દ્વારકા, તા.૧૩ ।

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જન્મ પ્રમાણપત્રના સરકારી રેકર્ડ સાથે ચેડા કરીને યુ.કે.માં સ્થાયી થવા માટે પોર્ટુગીઝના વીઝા મેળવવા બનાવટી ભારતીય પાસપોર્ટ તૈયાર કરવાનાં મસમોટા કૌભાંડનો દ્વારકા પોલીસે પર્દાફાશ કર્યો છે. એક સસ્પેન્ડેડ તલાટી મંત્રી અને પાંચ પાસપોર્ટ એજન્ટો સહિતના પોરબંદર, સુરત, વલસાડ અને દમણમાંથી નવ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ સાથે સમગ્ર પાસપોર્ટ કૌભાંડની વધુ તપાસ એસઓજી દ્વારા ચાલુ કરી દેવાઈ છે.વિગત પ્રમાણે, પોરબંદર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી યુ.કે. (ઈંગ્લેન્ડ) જવા ઈચ્છતા વ્યક્તિઓ પોરબંદરમાં રહેતા પાસપોર્ટ એજન્ટ દિલીપ મોઢવાડિયા અને તેના સંબંધી આશિષ ઓડેદરાનો સંપર્ક કરતા હતાં. જેમાં આશિષ વલસાડ અને દમણના પાસપોર્ટ એજન્ટોના સંપર્કમાં હતો. તેમજ રાયદે રાણા ઓડેદરા પોર્ટુગીઝ નાગરિકોના દસ્તાવેજો તથા પાસપોર્ટ બનાવવા જરૂરી માહિતી મેળવી, સસ્પેન્ડેડ તલાટી કમ મંત્રી હાર્દિક રાવલિયાની મદદથી અરજદારની પાછળ દીવ, દમણ કે ગોવાનાં વતની પોર્ટુગીઝ માતા અથવા પિતાનું નામ નાખીને માયનોર વિઝા સરળતાથી મળી રહે તે રીતે ૨૧ વર્ષથી ઓછી વય રાખી જન્મ તારીખમાં ફેરફાર કરતા હતા. તલાટી કમ મંત્રી હાર્દિક તેની સરકારી ફરજનો ગેરઉપયોગ કરી જન્મ-મરણ નોંધ રજીસ્ટરમાં જૂની નોંધો કોઈપણ રીતે હટાવી તેમાં સત્તાની રૂએ ઓનલાઈન વેબપોર્ટલમાં ખોટા જન્મપ્રમાણપત્રો જનરેટ કરી પોતાની સહી કરી આપ તો હતો.બાદમાં આશિષ ઓડેદરા અને દિલીપ મોઢવાડિયા દમણના એજન્ટ પ્રતિક ટંડેલને જન્મ તારીખનો દાખલો મોકલી આપતા હતાં. જેથી પ્રતિક ટંડેલ દ્વારા પાસપોર્ટ કઢાવવા આધારકાર્ડની જરૂરિયાત હોય, જેથી તેના સંબંધી અને ગ્લોબલ સાયબર કાફેના સંચાલક નિહલ ટંડેલ મારફતે આધાર કાર્ડમાં અપડેટ કરાવી.

## એપ પર સંબંધ ભૂખ્યા લોકોને ટાર્ગેટ કરતી હનીટ્રેપ ગેંગ ઝબ્બે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદ ગ્રામ્યમાં હનીટ્રેપનો કિસ્સો બનવા પામ્યો હતો. ઈન્સ્યોરન્સ કંપનીમાં એરિયા મેનેજર તરીકે કામ કરતો યુવક એક એપ્લિકેશનમાં જોડાયો હતો. આ એપ્લિકેશનમાં મિત્રો બનાવવા, લગ્ન તથા સામાજિક એક્ટિવિટીની માહિતી અપાઈ હતી. જે એપ્લિકેશન થકી તેને એક યુવતી સાથે સંપર્ક થયો હતો. યુવતીએ મીઠી વાતો કરીને આ યુવકને ભરમાવ્યો હતો. બાદમાં લોંગ ડ્રાઈવ પર જઈને સંબંધ માણવાની ઓફર કરતા યુવક તેની જાળમાં ફસાયો હતો. યુવતી સાથે તે નળસરોવર રોડ પર વિરાન જગ્યાએ ગાડીમાં બેઠો હતો ત્યારે જ કેટલાક શખ્સો આવ્યા અને તેને ધમકાવીને માર મારવા લાગ્યા હતા. બાદમાં આ શખ્સોએ નકલી પોલીસ સાથે વાત કરીને કાયદાનો ડર બતાવીને રોકડા અને કાર્ડ સહિત પાંચ લાખની મતા લૂંટી લીધી હતી. ગ્રામ્ય પોલીસે આ મામલે તપાસ કરીને યુવક, યુવતી સહિતના ચાર લોકોની ગેંગ ઝડપી પાડી છે. ચાંદખેડામાં રહેતો ૪૫ વર્ષીય યુવક ઈન્સ્યોરન્સ કંપનીમાં એરિયા મેનેજર છે. આ યુવક બે માસ પહેલા મિત્રો બનાવવા, લગ્ન તથા સામાજિક એક્ટિવિટીની માહિતી આપતી ક્વેક ક્વેક એપ્લિકેશનમાં જોડાયો હતો. જેમાં તેને જીયા પટેલ નામની યુવતી સાથે ભેટો થયો હતો. જીયા પોતે મોરબીની હોવાનું અને બોપલમાં બ્યુટીપાર્લરમાં કામ કરતી હોવાની ઓળખ આપી હતી. બાદમાં તેણે આ યુવકને મળવાની મીઠી વાતો કરી હતી. જ્યારે યુવક બોપલ ખાતે તેને મળવા ગયો ત્યારે જીયાએ બહાના બતાવીને મળવાનું ટાળ્યું હતું.

# ગેરકાયદેસર રીતે કેનેડા-યુએસ બોર્ડર પાર કરવાનો પ્રયાસ કરનારા ભારતીયોની સંખ્યામાં વધારો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

ગેરકાયદેસર રીતે કેનેડા-યુએસ બોર્ડર પાર કરવાનો પ્રયાસ કરનારા ભારતીયોની સંખ્યામાં વધારો થયો છે.

યુ.એસ. કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (યુએસસીબીપી) તરફથી મળેલી ઉત્તરીય સરહદ પરના એક્રાઉન્ટર્સના ડેટા અનુસાર, ગેરકાયદેસર રીતે યુ.એસ.માં પ્રવેશવાનો પ્રયાસ કરનારા ભારતીયોની કુલ સંખ્યા વધીને ૨૨% થઈ ગઈ છે, જે અત્યાર સુધીની સૌથ ૨૦૨૨ માં યુ.એસ.માં કુલ ૧,૦૯,૫૩૫ આવા ક્રોસિંગ પ્રયાસોમાંથી, ભારતીયોનો હિસ્સો લગભગ ૧૬% હતો. આ ટકાવારી ૨૦૨૩ માં સ્થિર રહી, જો કે આંકડો ઝડપથી વધીને કુલ ૧,૮૯,૪૦૨ થયો, જેમાંથી ૩૦,૦૧૦ ભારતીયો હતા.

આ વર્ષે નોંધપાત્ર વધારો થયો છે, જેમાં ૪૩,૭૬૪ ભારતીયો, જે કુલ ૧,૯૮,૯૨૯ લોકોમાંથી લગભગ ૨૨% છે, ગેરકાયદેસર રીતે યુએસમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા છે.આ ‘સમસ્યા’ને ધ્યાનમાં રાખીને, ડોનાલ્ડ ટ્રમ્પ પહેલાથી જ ચેતવણી આપી ચૂક્યા છે કે જો કેનેડા તેની યુએસમાં નિકાસ પર ૨૫% ટેરિફ ટાળવા માંગે છે તો તેણે તેનો ઉકેલ લાવવો પડશે.

કેનેડિયન મીડિયા અનુસાર, શુક્રવારે (૨૯ નવેમ્બર) ના રોજ જ્યારે જસ્ટિન ટ્રૂડોએ ટ્રમ્પ સાથે અમેરિકન થેંક્સગિવિંગમાં હાજરી આપવા ફ્લોરિડાના માર-એ-લાગોની અઘોષિત મુલાકાત લીધી ત્યારે તેની ચર્ચા થઈ હતી. ટ્રૂડોની સાથે કેનેડાના પબ્લિક સેફ્ટી મિનિસ્ટર ડોમિનિક લેબ્લેક્ર પણ હતા, જેઓ યુએસસીબીપીના સમકક્ષ કેનેડિયન બોર્ડર સર્વિસીસ એજન્સીના હવાલે છે.વોશિંગ્ટન ડીસી સ્થિત થિંક ટેક્ર નિસ્કાનેન સેન્ટર દ્વારા આ વર્ષે સપ્ટેમ્બરમાં હાથ ધરવામાં આવેલા વિશ્લેષણ મુજબ, ‘કેનેડા ભારતીયો માટે વધુ સુલભ પ્રવેશ બિંદુ બની રહ્યું છે.’ તેણે કહ્યું કે આ એટલા માટે છે કારણ કે સરેરાશ કેનેડિયન વિઝિટર વિઝા માટે પ્રક્રિયાનો સમય ૭૬ દિવસનો છે જ્યારે સમાન યુએસ દસ્તાવેજ માટે એપોઈન્ટમેન્ટ માટે રાહ જોવાનો સમય લગભગ એક વર્ષ છે.

## વિશેષ

### રાષ્ટ્રને ગ્રીન અને રીન્યુએબલ એનર્જીમાં આત્મનિર્ભર બનાવવામાં જિલ્લા પંચાયતનું આગવું યોગદાન

# સુરત જિલ્લા-તાલુકા પંચાયતની કચેરીઓ તથા પંચાયતઘરો પર સોલાર રૂફટોપ પેનલ લગાવીને વર્ષ દહાડે કરોડોની બચત







। (માહિતી) સુરત ।

રાષ્ટ્રને ગ્રીન અને રીન્યુએબલ એનર્જી તરફ આગળ વધારવાના ભાગરૂપે સુરત જિલ્લા પંચાયતની આગવી પહેલ અંતર્ગત દરેક પંચાયતોની બિલ્ડીંગ પર સોલાર પેનલ લગાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. રાષ્ટ્રને ગ્રીન અને રીન્યુએબલ એનર્જીમાં આત્મનિર્ભર બનાવવામાં જિલ્લા પંચાયત પણ આગવું યોગદાન આપી રહી છે.

સુરત જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલે જણાવ્યું હતું કે, સુરત જિલ્લા પંચાયત દ્વારા પહેલ કરીને પંચાયત હસ્તકની જિલ્લા-તાલુકા-પંચાયતની બિલ્ડીંગોની છત પર સોલાર રૂફટોપની સીસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવી રહી છે. જેમાં સુરત જિલ્લા પંચાયતમાં **200 KW**, તાલુકા પંચાયતોમાં **15 KW**, ગ્રામ પંચાયતો પર ૩ કિલોવોટની ક્ષમતાની સીસ્ટમ લગાવવામાં આવી રહી છે.

જેના પરિણામે ગ્રીન એનર્જી દ્વારા વીજ ઉત્પાદનની સાથે પર્યાવરણને ફાયદારૂપ થાય છે પરિણામે વીજ બિલમાં બચત થાય છે. કેટલીક ગ્રામ પંચાયતોમાં વપરાશથી વધુ સોલાર દ્વારા વીજ ઉત્પાદન વધી રહ્યું છે જેનાથી આવક વધી રહી છે. પંચાયત વિભાગ પણ ૨૦ ટકા સબસીડી આપવામાં આવે છે. આગામી દિવસોમાં વધુમાં વધુ બિલ્ડીંગો પર સોલાર રૂફટોપ પેનલ ઈન્સ્ટોલ કરવામાં આવનાર હોવાનું તેમણે કહ્યું હતું. સુરતની સાત તાલુકા પંચાયતોમાં સોલાર રૂફ ટોપ પેનલ ઈસ્ટોલ કરવામાં આવી છે જયારે માંડવી અને ઉમરપાડા એમ બે તાલુકા પંચાયત પર રૂફ ટોપ લગાવવા માટેની મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત સુરતની ૧૩૨ ગ્રામ પંચાયતો પર **3 KW** ક્ષમતાવાળા સોલાર રૂફ ટોપ લગાવવામાં આવ્યા છે. બીજી ૧૮ ગ્રામ પંચાયત ભવન પર સોલાર રૂફ ટોપ લગાવવા માટેની મંજુરી આપવામાં આવી છે. આમ, જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતો પર કુલ ૧૪૦ સોલાર રૂફ ટોપ ઈન્સ્ટોલ કરાયા છે, જેમાં ૧૫મા નાણાપંચ, જિલ્લા પંચાયત સ્વભંડોળમાં જોગવાઈ કરવામાં આવી છે.

સમરસ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક ગ્રાંટ તથા રાજ્ય સરકાર દ્વારા મળતી ૨૦ % ગ્રાંટનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. બારડોલી તાલુકાના કરચકા ગ્રામ પંચાયતના એપ્રિલ-મે-૨૪ ના વીજળીના બીલ અનુસાર ગ્રામ પંચાયત દ્વારા ૧૨૩ યુનિટનો વપરાશ થયો હતો અને સોલાર રૂફ ટોપની મદદથી ૬૮૫ યુનિટનું ઉત્પાદન થયું હતું. પરિણામે તફાવતના ૫૬૨ યુનિટના રૂ.૯૮૩.૫૦ અને પાછલા બીલની ક્રેડિટના રૂ. ૩,૪૦૭.૫૧ મળી કુલ રૂ.૪,૩૪૧ ગ્રામ પંચાયતના બિલમાં વીજળીના જમા રહેલ છે. આમ, સોલાર રૂફ ટોપ લગાવવાથી પંચાયતોના વીજબીલની બચત થશે. ગ્રામ્ય સ્તરે અક્ષય ઊર્જાનો ઉપયોગ વધશે આ ઉપરાંત, ગ્રામ પંચાયતોમાં વીજળીનો વપરાશ ઓછો થાય અને સોલાર રૂફટોપની મદદથી ઉત્પાદન વધારે થાય તો વીજકંપની તેનું વળતર આપશે. આ વળતરથી પંચાયતોની આવકમાં વધારો થશે અને પંચાયતના ભંડોળમાં વધારો થશે, જેનો ઉપયોગ ગામની સુખસુવિધા વધારવામાં થઈ શકશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨









પ્રયાગરાજમાં સંગમ નાક ખાતે પૂજા દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા અભિષેક અને ધાર્મિક વિધિઓ કરવામાં આવી.

### ન્યૂઝ બ્રિફ


## રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી



। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ને બોમ્બની ધમકી મળી છે. RBIની સત્તાવાર વેબસાઈટ પર આ ધમકીભર્યો ઈ-મેલ મળ્યો હતો. ઈ-મેલમાં રશિયન ભાષામાં રિઝર્વ બેંકને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી હતી. આ મામલે માતા રમાબાઈ માર્ગ (MRA માર્ગ) પોલીસ સ્ટેશનમાં અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને પોલીસે તપાસ શરૂ કરી છે. મહત્ત્વપૂર્ણ છે કે, આ પહેલીવાર નથી જ્યારે RBIને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હોય. ગયા મહિનાની શરૂઆતમાં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના કસ્ટમ કેર નંબર પર ફોન કરીને RBIને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. ફોન કરનારે પોતાને લશ્કર-એ-તૈયબાના CEO તરીકે ઓળખાવ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોમાં આવી ઘણી ધમકીઓ મળી છે. ક્યારેક એરપોર્ટને તો ક્યારેક સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા કોલ મળી રહ્યા છે.

## રાજ્યસભામાં ધનખડની વાત પર ખડગેનો પલટવાર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસને લઈને આજે શુક્રવારે ગૃહમાં ભારે હોબાળો થયો હતો. ગૃહના અધ્યક્ષ ધનખડ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જગદીપ ધનખરે કહ્યું કે, હું એક ખેડૂતનો દીકરો છું. હું કોઈની સામે ઝૂકતો નથી. મેં ઘણું સહન કર્યું. મેં દરેકને માન આપ્યું. જેનો જવાબ આપતા રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જન ખડગેએ કહ્યું કે, તમે બંધારણનો ભંગ કર્યો છે. અમે અહીં તમારી પ્રશંસા કરવા નથી આવ્યા. તમે નિયમો અનુસાર ગૃહ ચલાવો. ખડગેએ ધનખરને કહ્યું કે, જો તમે ખેડૂતના પુત્ર છો તો હું મજૂરોનો પુત્ર છું. તમે અમારું અપમાન કર્યું છે તો અમે તમારું સન્માન કેવી રીતે કરીશું.''

### બીએસએફએ ચોપડા પોલીસ ચોકીને સોંપી દીધી

# બાંગ્લાદેશમાંથી છોકરી ચાલતા ચાલતા ભારત બોર્ડરે આવી ગઈ

## પરિવારે જણાવ્યું કે, ''ઈસ્કોન સાથે જોડાયેલ લોકો સાથે દુષ્કર્મ, હત્યા જેવી ઘટનાઓ થઈ રહી છે.''

। (એજન્સી) કિશનગંજ, તા.૧૩ ।

બાંગ્લાદેશમાં નવી સરકારના ગઠન બાદથી હિન્દુઓ પર અત્યાચાર થઈ રહ્યા છે. બાંગ્લાદેશમાં રહેતા હિન્દુ સમુદાયના લોકો ડરેલા છે. બાંગ્લાદેશમાં રહેતા સનાતન ધર્માવલંબી ભારત સરકાર પાસે મદદ માગી રહ્યા છે. બાંગ્લાદેશમાં પ્રતાડિત થયા બાદ જીવ બચાવવા માટે ભારતમાં પ્રવેશ કરી રહેલી એક સગીર કિશનગંજ બીએસએફ હેડ ક્વાર્ટરના અધીન પશ્ચિમ બંગાળના ફતેહપુર બીઓપી, બીએસએફ ૧૭મી બટાલિયન પાસે આવી



પહોંચી. જવાનોએ તેને જોઈ તો ચોંકી ગયા. છોકરી બાજુમાં આવી અને તેનું નામ-ઠામ પૂછ્યું. ઘટના મંગળવાર મોડી રાતની છે. બોર્ડર પર રહેલા જવાનોએ સગીર છોકરીને પશ્ચિમ બંગાળના ઉત્તરી દિનાજપુરના ચોપ ડા બ્લોકના ફતેહપુર બીઓપી વિસ્તારમાંથી ધરપકડ કરી. તેને ચોપડા પોલીસ ચોકીને સોંપી દીધી. બાંગ્લાદેશના પંચાગઢ જિલ્લાના રહેવાસી સગીરનો પરિવાર ઈસ્કોન સાથે જોડાયેલો છે. સગીરના નાનાએ જણાવ્યું કે, ''બાંગ્લાદેશમાં ઈસ્કોન સાથે જોડાયેલ પરિવારોને ઉપદ્રવી ઓ સતત ધમકી આપી રહ્યા છે કે તેમની બાળકીઓને ઉઠાવી લઈ જશે.'' સગીરને કોઈ રસ્તો ન મળતા ભારત આવવા મજબૂર થઈ ગઈ. સગીરના નાનાએ કહ્યું કે, ''બાળકીના પિતા લકવાગ્રસ્ત છે અને મા પણ બીમાર છે. જેમને પોતાની બાળકીની સુરક્ષાની ચિંતા થઈ રહી છે.

### અખિલેશ યાદવના સરકાર પર આક્રમક પ્રહાર

# લોકોની કોઈપણ નોટીસ વગર ધરપકડ કરવામાં આવે છે : સપા

## આઉટસોર્સિંગ દ્વારા નોકરીઓ આપવામાં આવી રહી છે, આરક્ષણ પણ ખતમ થઈ રહ્યું છે : અખિલેશ યાદવ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

અખિલેશ યાદવે લોકસભામાં બંધારણ પર ચર્ચા દરમિયાન પોલીસ સુરક્ષા વચ્ચે અતીક અહેમદના માર્યા જવાનો પ્રશ્ન ઉઠાવ્યો હતો, આ ઉપરાંત તેમણે મસ્જિદ, મંદિર અને જાતિની વસ્તી ગણતરીના મુદ્દાઓ પર પણ વાત કરી હતી. અખિલેશ યાદવે કહ્યું કે, કોઈ પણ વ્યક્તિને તેના જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાથી વંચિત ન રાખી શકાય. આ મૂળભૂત અધિકાર છે, પરંતુ ઉત્તર પ્રદેશમાં તે છીનવાઈ રહ્યો છે. નકલી એન્કાઉન્ટરમાં



હત્યાઓ કરવામાં આવી રહી છે. અને પોલીસ કસ્ટડીમાં લોકોની હત્યા થઈ રહી છે. યુપીમાં આવી સ્થિતિ પહેલા ક્યારેય નથી જોવા મળી. પરંતુ હાલ યુપીમાં દરરોજ આવું થઈ રહ્યું છે. રાજ્ય કસ્ટોડિયલ મૃત્યુના મામલામાં અગ્રેસર છે. ઉત્તરપ્રદેશના પૂર્વ સીએમએ કહ્યું કે, ED પાસે એવો કાયદો છે કે, લોકોની કોઈપણ નોટીસ વગર ધરપકડ કરવામાં આવે છે. આ સિવાય તેમણે જાતિ જનગણનાનો મુદ્દો ઉઠાવતાં કહ્યું કે, જો જાતિ ગણતરી કરાવવા ઈચ્છતા હોય તો કરાવી લો. હું તો કહું છું, કે તમે ઈચ્છો તો કરાવી લો, નહીં તો અમને જ્યારે પણ તક મળશે, ત્યારે પૂર્ણ કરાવી લઈશું. આઉટસોર્સિંગ દ્વારા નોકરીઓ આપવામાં આવી રહી છે. આરક્ષણ ખતમ થઈ રહ્યું છે. વાઈસ ચાન્સેલર અને પ્રોફેસરની નિમણૂક કરતી વખતે NFS લખવામાં આવે છે.



ઉત્તર પ્રદેશમાં પ્રયાગરાજ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને UPના મુખ્યમંત્રી આદિત્યનાથ યોગી બહુવિધ વિકાસ પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન અને લોકાર્પણ સમયે હાજર રહ્યા.

### કર્ણાટકમાં વરસાદનું યલો એલર્ટ

## દેશના અગ્યાર રાજ્યોમાં શીતલહેરની ચેતવણી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

દિલ્હી-એનસીઆર સહિત દેશના ઘણા ભાગોમાં વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી પાંચ દિવસ દરમિયાન ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, હરિયાણા, રાજસ્થાન, દિલ્હી અને પૂર્વોત્તર ભારતમાં ભારે વરસાદ પડી શકે છે. આ રાજ્યોના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૪ ડિસેમ્બરે રાજસ્થાન, છત્તીસગઢ, જમ્મુ-કાશ્મીર-લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદમાં શીત લહેરની સંભાવના છે. તે જ સમયે, ૧૫ ડિસેમ્બરથી દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં ઠંડી વધશે. આગામી ૨૪ કલાક દરમિયાન પશ્ચિમ બંગાળ, બિહાર, આસામ, સિક્કિમ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ગાઢ ધુમ્મસની સંભાવના છે. પૂર્વ ઉત્તર પ્રદેશ અને બિહારમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે. આઈએમડીના જણાવ્યા અનુસાર, દિલ્હીવાસીઓને ગુરુવારે તીવ્ર ઠંડીનો સામનો કરવો પડ્યો હતો. તાપમાન ઘટીને ૪.૫ ડિગ્રી સેલ્સિયસ થયું હતું, જે મોસમની સૌથી ઠંડી સવાર હતી. દિલ્હી-એનસીઆરમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. ૮ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. કર્ણાટકમાં આજે પણ વરસાદની ગતિવિધિ ચાલુ રહેવાની શક્યતા છે. આઈએમડીએ દક્ષિણ કર્ણાટકમાં મધ્યમ વરસાદની આગાહી કરી છે. કોરાપુટ, મલકાનગિરી, નવારંગપુર, કાલાહાંડી, કંધમાલ અને રાયગડા જિલ્લામાં ભારે વરસાદ થવાની સંભાવના છે. ૧૪ ડિસેમ્બર સુધી દક્ષિણ કન્નડ અને ઉડુપીમાં ભારે વરસાદની અપેક્ષા છે. બેંગ્લોર શહેરી, બેંગ્લોર ગ્રામીણ અને આસપાસના જિલ્લાઓમાં આજે વરસાદ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી બે દિવસમાં પૂર્વ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની અપેક્ષા છે, જ્યારે પશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં સમાન માર્જિનથી વધારો થવાની અપેક્ષા છે.

### ચંદ્રચુડે કહ્યો રિટાયરમેન્ટ પ્લાન

# શું પૂર્વ CJI ડીવાય ચંદ્રચુડ રાજકારણમાં કરશે એન્ટ્રી?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

જસ્ટિસ ડી.વાય.ચંદ્રચુડ ભારતના મુખ્ય ન્યાયાધીશના પદ પરથી નિવૃત્ત થઈ ગયા છે. હવે તે નિવૃત્તિનો સમય પુસ્તકો વાંચવા, સંગીત સાંભળવા અને અંગત કામ કરવા જેવી બાબતોમાં વિતાવી રહ્યા છે. હાલમાં જ એક કાર્યક્રમ દરમિયાન તેમણે પોતાની ભવિષ્યની યોજનાઓ વિશે પણ વાત કરી હતી. ખાસ વાત એ છે કે, જ્યારે તેમને રાજનીતિમાં પ્રવેશ વિશે પૂછવામાં આવ્યું તો તેમણે સ્થિતિ સ્પષ્ટ કરી હતી. ભૂતપૂર્વ CJI DY ચંદ્રચુડને પૂછવામાં આવ્યું કે, તેમની ભવિષ્યની યોજનાઓ શું છે. શું તમે તમારા શોખને અનુસરશો અથવા તમે ભવિષ્યમાં રાજકારણમાં પ્રવેશવાનું વિચારી રહ્યાં છો? જેના પર તેમણે કહ્યું કે, 'મારી પાસે મારી બકેટ લિસ્ટ છે.' ભૂતપૂર્વ CJI



DY ચંદ્રચુડે કહ્યું કે, ''મારી પાસે મારી બકેટ લિસ્ટ છેપજેમાં સંગીતનાં સાધનો શીખવાનો સમાવેશ થાય છે, જે હવે શરૂ થઈ ગયું છે. હું પિયાનો શીખું છું. આ છેલ્લા ૨૪ વર્ષથી મારી બકેટ લિસ્ટનો એક ભાગ છે.'' જસ્ટિસ ચંદ્રચુડે એક પુસ્તકનો પણ ઉલ્લેખ કર્યો જે તેઓ હાલમાં વાંચી રહ્યા છે. તેમણે કહ્યું કે, 'મને વાંચન ગમે છે. હું જજ હતો ત્યારે દિવસના અંતે અડધો કલાક અભ્યાસ કરતો હતો. હવે મને ગમે ત્યારે પુસ્તક ઉપાડવું અને વાંચવું ગમે છે.

### સોશિયલ મીડિયાના ઉપયોગથી બચે જજ

# ન્યાયપાલિકામાં દેખાડાને કોઈ સ્થાન નથી : સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

સુપ્રીમ કોર્ટે જજોના સોશિયલ મીડિયા ઉપયોગને લઈ એક મહત્વપૂર્ણ આદેશ આપ્યો હતો. જજોને સોશિયલ મીડિયા પર પોતાનો અભિપ્રાય આપવાથી બચવાની સલાહ આપી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યુ કે, જજોએ સાધુ જેવું જીવન જીવવું જોઈએ અને ઘોડાની જેમ કામ કરવું જોઈએ. ઉપરાંત સુપ્રીમ કોર્ટે કહ્યું, ન્યાયપાલિકામાં સોશિયલ મીડિયા પર ટિપ્પણી કરવાને કોઈ સ્થાન નથી. જાણકારી મુજબ, મધ્યપ્રદેશ હાઈકોર્ટના બે મહિલા જજ- અદિતિ કુમાર શર્મા અને સરિતા ચૌધરીને સસ્પેન્ડ કરવામાં આવ્યા તેના આધારે આ ટિપ્પણી કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બી વી નાગરત્ના અને



કોટિસ્વર સિંહની બેંચે મામલાની સુનાવણી કરતાં કહ્યું કે, જજોએ ફેસબુક જેવા પ્લેટફોર્મના ઉપયોગ કરવાથી બચવું જોઈએ. કોર્ટે કહ્યું, ન્યાયાધીશોએ તેમના ફેંસલા પર સોશિયલ મીડિયા પર કોઈપણ પ્રકારની ટિપ્પણી ન કરવી જોઈએ. જો ભવિષ્યમાંઆ ફેંસલાનો ઉલ્લેખ કરવામાં આવે તો તેના પર કરેલી ટિપ્પણથી અસર થઈ શકે છે. ન્યાયાધીશોએ તેમના કામમાં ઈમાનદારી અને નિષ્પ ક્ષતા રાખવી જોઈએ, તેમજ સોશિયલ મીડિયાથી પણ દૂર રહેવું જોઈએ.

## તંત્રી લેખ...

# બાળકોને સોશ્યલ મીડિયાથી દૂર રાખવાની વિશિષ્ટ કવાયત

ઓસ્ટ્રેલિયા દ્વારા ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને સોશ્યલ મીડિયા સુધી પહોંચતાં રોકવાની કાનૂની પહેલ માનવ જાતિના હિતમાં એક મોટી છલાંગ છે. ગયા અઠવાડિયે ઓસ્ટ્રેલિયન સંસદમાં વિપક્ષના સમર્થનથી પસાર નવો કાયદો સોશ્યલ મીડિયાથી સમાજને થનારા નુક્સાન પર પ્રકાશ પાડે છે. વાસ્તવમાં આ કાયોદ પસાર કરીને ઓસ્ટ્રેલિયાએ વિશ્વની સેવા કરી છે. ટેક્નોલોજી કંપનીઓને આદેશ આપવામાં આવ્યા છે કે નાન ઉંમરના યુઝર્સને સોશ્યલ મીડિયા સેવાઓનો ઉપયોગ કરવાથી રોકવા માટે યોગ્ય પગલાં ભરે, નહિ તો ૩.૨૦ કરોડ ડોલરનો દંડ લગાવી શકાય છે. આ કાયદાને ઓસ્ટ્રેલિયાની મુખ્ય વિપક્ષી પાર્ટી લિબરલ પાર્ટીનું પણ પૂર્ણ સમર્થન મળ્યું છે. કહેવાય છે કે આ કાયદાને લાગુ કરવો જટિલ હશે. તેમ છતાં સોશ્યલ મીડિયાથી નાના બાળકોને થઈ રહેલા નુક્સાનને સ્વીકાર કરવાના મોરચે દરેક વર્ગ અને સમાજના ઓસ્ટ્રેલિયન નેતાઓ વચ્ચે બનેલી સહમતિ અનુકરણીય છે. આખરે બાળકો પર સોશ્યલ મીડિયા ખતરો બનીને કેવી રીતે તોળાઈ રહ્યું છે? કોઈને પણ ન્યૂયોર્ક યુનિવર્સિટીના સામાજિક મનોવૈજ્ઞાનિક જોનાથન હેડ્ટના હાલના પુસ્તક 'ધ એંક્શિયસ જનરેશન' સિવાય બીજું કશું જ વાંચવાની જરૂર નથી. આ પુસ્તક જણાવે છે કે ૨૦10 અને ૨૦૨૦ વચ્ચેના દાયકામાં અમેરિકી સ્નાતક છાત્રોમાં અવસાદ, ચિંતા અને આત્મહત્યાનો દર કેટલી ઝડપથી વધ્યો છે. ચિંતામાં ૧૩૪ ટકા અને અવસાદમાં ૧૦૬ ટકાનો વધારો થયો છે. હેડ્ટ તેના માટે સંપૂર્ણ રીતે સ્માર્ટફોનના વધતા ઉપયોગને જવાબદાર ઠેરવે છે. હેડ્ટ અનુસારે, કિશોરોના સોશ્યલ મીડિયા સાથે સંપર્કમાં આવવાને કારણે સોશ્યલ પોલિસિંગની જરૂર સ્પષ્ટ છે. ધ્યાન આપવાની વાત છે કે પ્રશંસા કે આનંદ મેળવવાની શક્તિ નાની ઉંમરે જ વિકસિત થઈ જાય છે, પરંતુ આત્મનિયંત્રણ અને પ્રલોભનમાં નહિ ફસાવાની શક્તિ ઉંમરના બીજા દાયકાની મધ્યમાં જ વિકસિત થાય છે. બાળકો હંમેશાં સામાજિક રૂપે અસુરિક્ષત હોય છે. આસાનીથી સાથીઓના દબાણમાં આવી જાય છે અને કોઈપણ એવી ગતિવિધિ તરફ આકર્ષિત થઈ જાય છે, જેનાથી તેમને કોઈપણ પ્રકારની સોશ્યલ માન્યતા મળે છે. હેડ્ટ જણાવે છે કે આપણે બાળકોને શરાબ કે તમાકુ ખરીદવા કે કેસિનોમાં જવાની મંજૂરી નથી આપતા, તો સોશ્યલ મીડિયા સુધી તેમની બેરોકટોક પહોંચને કેવી રીતે મંજૂરી આપીએ છીએ? આપણા સાથીઓ સાથે મેદાની રમતોમાં સમય વિતાવવા ઉપરાંત હવે વધુને વધુ બાળકો (અને વયસ્કો પણ) પોતાનો સમય સોશ્યલ મીડિયા પર વિતાવવાનું વધુ પસંદ કરે છે. રમતના મેદાનમાં બાળકો વચ્ચે મતભેદ થાય તો પરસ્પર વાતચીત થાય છે, ત્યાં બાળકો પરસ્પર સંપર્ક અને સદ્ભાવથી લાભ ઉઠાવવાનું શીખે છે. સારો વ્યવહાર તેમના માટે બુનિયાદી કૌશલ બની જાય છે, જે તેમના સામાજિક વિકાસમાં મદદ કરે છે. સોશ્યલ મીડિયા પ્રતિબંધથી વયસ્કોએ પણ બોધ લેવો જોઈએ અને ધ્યાન આપવું જોઈએ.

## પ્રધાનમંત્રી ૧૪-૧૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ દિલ્હીમાં મુખ્ય સચિવોની ચોથી રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરશે

સંમેલનનો મુખ્ય વિષય: 'ઉદ્યોગ સાહસિકતા, રોજગાર અને કૌશલ્યને પ્રોત્સાહન આપવું - ડેમોગ્રાફિક ડિવિડન્ડનો લાભ ઉઠાવવો'. ચર્ચા માટેના મુખ્ય ક્ષેત્રોમાં ઉત્પાદન, સેવાઓ, પુનઃપ્રાપ્ય ઊર્જા, પરિપત્ર અર્થવ્યવસ્થાનો સમાવેશ થાય છે. વિકસિત ભારત માટે ફ્રન્ટીયર ટેક્નોલોજી, આર્થિક વિકાસ કેન્દ્ર તરીકે શહેરોનો વિકાસ, રોકાણ અને વિકાસ માટે રાજ્યોમાં આર્થિક સુધારા તથા મિશન કર્મયોગીના માધ્યમથી ક્ષમતા નિર્માણ પર વિશેષ સત્ર આયોજિત કરવામાં આવશે. પારસ્પરિક શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે કોન્ફરન્સમાં રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો તરફથી સર્વોત્તમ પ્રથાઓને રજૂ કરવામાં આવશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૪ અને ૧૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ દિલ્હીમાં મુખ્ય સચિવોની ચોથી રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરશે. આ કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેની ભાગીદારીને વધુ વેગ આપવા તરફનું બીજું મહત્ત્વનું પગલું હશે. મુખ્ય સચિવોની પરિષદ પ્રધાનમંત્રીના સહકારી સંઘવાદને મજબૂત કરવા અને ઝડપી વૃદ્ધિ અને વિકાસ હાંસલ કરવા માટે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે યોગ્ય સંકલન સુનિશ્ચિત કરવાના દ્રષ્ટિકોણથી પ્રેરિત છે. આ કોન્ફરન્સ છેલ્લા ૩ વર્ષથી દર વર્ષે યોજાય છે. પ્રથમ મુખ્ય સચિવોની પરિષદ જૂન ૨૦૨૨માં ધર્મશાલા ખાતે યોજાઈ હતી, ત્યારબાદ અનુક્રમે જાન્યુઆરી ૨૦૨૩ અને ડિસેમ્બર ૨૦૨૩માં નવી દિલ્હી ખાતે બીજી અને ત્રીજી પરિષદ યોજાઈ હતી. ૧૩થી ૧૫ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન યોજાનારી ત્રણ દિવસીય પરિષદમાં રાજ્યો સાથે ભાગીદારીમાં એકસાથે કામ કરવા માટે સમાન વિકાસ એજન્ડા અને બ્લૂ પ્રિન્ટના વિકાસ અને અમલીકરણ પર ભાર મૂકવામાં આવશે. આ પરિષદમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા, કૌશલ્યની પહેલને વધારવા અને ગ્રામીણ અને શહેરી બંને વસ્તી માટે સ્થાયી રોજગારની તકોનું સર્જન કરીને ભારતના વસ્તી વિષયક ડિવિડન્ડને હાંસલ કરવા માટે સહયોગી પગલાં માટે આધાર બનાવશે. કેન્દ્રીય મંત્રાલયો/વિભાગો, નીતિ આયોગ, રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો અને ડોમેન નિષ્ણાતો વચ્ચેની વિસ્તૃત ચર્ચાના આધારે, ચોથી રાષ્ટ્રીય પરિષદ 'ઉદ્યોગ સાહસિકતા, રોજગાર અને કૌશલ્યને પ્રોત્સાહન - રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશોને અનુસરવા માટે શ્રેષ્ઠ પ્રથાઓ અને વ્યૂહરચનાઓ આવરી લેતી વસ્તી વિષયક ડિવિડન્ડનો લાભ' વિષય પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ સર્વગ્રાહી થીમ હેઠળ છ ક્ષેત્રો પર વિશેષ ભાર મૂકવામાં આવશે: ઉત્પાદન, સેવાઓ, ગ્રામીણ બિન-ખેતી, શહેરી, નવીનીકરણીય ઉર્જા અને પરિપત્ર અર્થવ્યવસ્થા વિગતવાર ચર્ચાઓ માટે પસંદ કરવામાં આવ્યા છે. વિકસિત ભારત માટે ફ્રન્ટિયર ટેક્નોલોજી, આર્થિક વિકાસ કેન્દ્રો તરીકે વિકાસશીલ શહેરો, રોકાણ માટે રાજ્યોમાં આર્થિક સુધારા અને મિશન કર્મયોગી દ્વારા ક્ષમતા નિર્માણ પર ચાર વિશેષ સત્રો પણ યોજાશે. આ ઉપરાંત ભોજન દરમિયાન કૃષિમાં આત્મનિર્ભરતા: ખાદ્ય તેલ અને કઠોળ, વૃદ્ધ વસ્તી માટે સંભાળ અર્થતંત્ર, પીએમ સૂર્ય ઘર: નિઃશુલ્ક વીજળી યોજના અમલીકરણ અને ભારતીય જ્ઞાન પરંપરા પર કેન્દ્રિત ચર્ચાઓ યોજવામાં આવશે. તમામ રાજ્યોમાં પારસ્પરિક શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે કોન્ફરન્સમાં દરેક થીમ હેઠળ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશો તરફથી શ્રેષ્ઠ પદ્ધતિઓ પણ રજૂ કરવામાં આવશે. આ કોન્ફરન્સમાં મુખ્ય સચિવો, તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના વરિષ્ઠ અધિકારીઓ, ડોમેન નિષ્ણાતો અને અન્ય લોકો હાજર રહેશે.

**ભગવાન ભોળાનાથ તો સૌના કલ્યાણ માટે પ્રત્યેક તીર્થમાં લિંગ રૂપે નિવાસ કરે છે, શિવપુરાણમાં શિવલિંગના અનેક પ્રકારો ગણાવ્યા છે**

# ચાલો જાણીએ આર્દ્રા નક્ષત્રમાં ભગવાન શિવનાં શિવલિંગ સ્વપ્નનું મહાત્મ્ય શું છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**શિવપુરાણ અને લિંગ પુરાણની પૌરાણિક કથા અનુસાર એકવાર ભગવાન વિષ્ણુ અને ભગવાન બ્રહ્મા માં બે માંથી કોણ મહાન એ બાબત ચર્ચા થઈ, અને બ્રહ્મા એ કહ્યું કે પોતે સચરાચર જીવ સૃષ્ટિની રચના કરી અને એટલે પોતે મહાન છે! જ્યારે ભગવાન વિષ્ણુ એ કહ્યું કે મેં એ જીવ સૃષ્ટિનું ભરણ પોષણ કે લાલન પાલન કર્યું માટે હું મહાન!**

તા૧૬/૧૨ ૨૦૨૪નાં રોજ એક એવો સંયોગ થશે કે જે દરેક હિન્દુ સનાતની માટે બહુ મહત્વની ઘટનાની યાદ અપાવશે, અને આ દિવસે શું કામ ભગવાન શિવને આરાધવા જોઈએ! એ પણ સમજવા જેવો મુદ્દો છે. માગશર માસનું આર્દ્રા નક્ષત્ર તા ૧૬ ૧૨ નાં બેસે છે અને એક પૌરાણિક કથા અનુસાર ભગવાન શંકર એ દિવસે બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ લીંગ સ્વરૂપે પ્રગટ થયા હતાં, અને પોતાના સુક્ષ્મ લીંગ સ્વરૂપે પણ પોતે અનંત છે, એ સત્ય સમજાવ્યું હતું અને ત્યારે બ્રહ્મા અને વિષ્ણુ એ સૌ પ્રથમ વખત ભગવાન શંકરની લિંગ સ્વરૂપે પૂજા કરી હતી. શિવપુરાણ અને લિંગ પુરાણની પૌરાણિક કથા અનુસાર એકવાર ભગવાન વિષ્ણુ અને ભગવાન બ્રહ્મામાં બે માંથી કોણ મહાન એ બાબત ચર્ચા થઈ, અને બ્રહ્મા એ કહ્યું કે પોતે સચરાચર જીવ સૃષ્ટિની રચના કરી અને એટલે પોતે મહાન છે! જ્યારે ભગવાન વિષ્ણુ એ કહ્યું કે મેં એ જીવ સૃષ્ટિનું ભરણ પોષણ કે લાલન પાલન કર્યું માટે હું મહાન! અને બંને પોતાના મત પર અડગ હતાં ત્યાં એમની સામે ભગવાન શંકર એક નાનકડા બિંદુ સ્વરૂપે પ્રગટ થયા, અને એને સ્પર્શ કરતા જ એ મોટું થવા લાગ્યું. ભગવાન વિષ્ણુ કે ભગવાન બ્રહ્મા જાણતા નહોતા કે શું છે? અને કંઈ શક્તિ ને કારણે વૃદ્ધિ પામે છે? એટલે બ્રહ્મા ઉપરની તરફ ગયા અને ભગવાન વિષ્ણુ નીચેની તરફ ગયા પણ આદિ અનંતનો છેડો કેમ મળે! અને બંનેને પોતાની ભૂલ અને ભગવાન શિવ શંકરની મહત્તા સમજાઈ ગઈ! બન્ને વીલામોંઢે પાછા ફર્યા. ત્યારે એ જયોતિર્લિંગમાંથી સદાશિવ પ્રગટયા. બ્રહ્મા-વિષ્ણુનો ગર્વ દૂર થયો. બ્રહ્મતત્વ શિવ તો આદિ-અંત -રહિત અનંત છે, અગમ્ય છે. યુગો યુગોથી દેવો પણ એનું રહસ્ય પામી શકતા નથી. કારણકે સૃષ્ટિને સંતુલનમાં રાખવા માટે સર્જન કે ભરણપોષણ કરતાં પણ મહત્વનું વિસર્જન છે! યોગ્ય સમયે આ ક્રિયા ન થાય તો સૃષ્ટિનું સંતુલન ખોરવાય જાય. પહેલાંનાં પ્રમાણમાં કુદરતી કે કૃત્રિમ દુર્ઘટના વધવાનું એક કારણ આ પણ છે! જેમકે વારંવારના ધરતી કંપ કે વાવાઝોડું સુનામી અને વારંવાર બસ ખાઈમાં પડી જવું, ટ્રેન પાટા પરથી ઉથલી જવી કે આગ લાગવી આ બધું જ એટલે કે રોજ કેટલાય જીવનો જન્મ થાય છે! એ બધાં જ જીવે તો કેટલું અસંતુલન થાય માટે એ દરેકની પોતાની નિયતી અનુસાર આ વિસર્જન ક્રિયાને આવરી લેવામાં આવી છે, અને એટલે જ મૃત્યુ થી બચવા ભગવાન શંકરની આરાધના વધુ થાય છે. ભગવાન શિવ શંકર તો તત્વતઃ મૂળ સ્વરૂપે નિરંજન-નિરાકાર પરબ્રહ્મ છે. 'શિવલિંગ' એ નિરાકાર પરમાત્માની એક અનન્ય ઓળખની નિશાની છે. આપણાં ઉપનિષદોમાં સૃષ્ટિના સર્જક પરબ્રહ્મને 'પૂર્ણ' કે 'શૂન્ય' સ્વરૂપ કહ્યા છે : ઓમ પૂર્ણમદઃ પૂર્ણમિદમ્... ગોળાકાર-પૂર્ણાકાર સૂક્ષ્મ પરમાત્મામાંથી સૃષ્ટિનું સર્જન થાય છે. આ પૂર્ણ કે શૂન્યનો સૂક્ષ્મ આકાર એટલે 'લિંગ'. લિંગ એટલે એક નાનકડું ચહિન કે બિંદુ. જે બિંદુ એ વિસ્તરે તો બિંદુમાંથી રેખા વિસ્તરે, કે કોઈ પણ અંકની આગળ પૂર્ણનાં ચહિન મૂક્યા કરીએ, તો આંકડો વધ્યા કરે, તેમ લિંગાકાર બિંદુસ્વરૂપનું કે શિવલિંગ સ્વરૂપનું સુક્ષ્મ ચિંતન કરીએ તો આ જ રીતે પરબ્રહ્મમાંથી સૃષ્ટિના, કે બ્રહ્માંડના તાણાવાણા રચાય છે, એ સત્ય સમજાય છે. શૂન્ય કે રિક્ત અથવા શૂન્યાવકાશમાં શિવલિંગ સ્વરૂપ શિવ અને તેમની દેવીશક્તિના સંયોગથી સૃષ્ટિ સર્જાય છે. 'કંકરમાં શંકર' એટલે ભગવાન શંકરનું શિવ લીંગ! કે જેનાં દર્શન માત્રથી જીવન ધન્ય થઈ જાય છે. સનાતન ધર્મની આ જ લાક્ષણિકતા છે કે પ્રકૃતિ જન્ય પદાર્થ નાં સંવર્ધન માટે એમાં ઈશ્વરનો નિવાસની પ્રણાલી ઉભી કરે. પણ મનુષ્ય પોતાના સંરક્ષણ અને સંવર્ધનમાં પ્રકૃતિ નું સંવર્ધન ભૂલી ગયો અને એટલે જ વિસર્જન માટે કુદરતી કે કૃત્રિમ આપત્તિ રૂપે ધીમો પ્રલય થાય છે. શિવલિંગ ઓમકાર સ્વરૂપ મનાય છે. ઓમ ને પ્રણવ મંત્ર કહેવામાં આવે છે એમાં 'અ', 'ઉ' અને 'મ' એ ત્રણ અક્ષરોનું સંયોજન થયું છે. 'અ' એટલે બ્રહ્મા, 'ઉ' એટલે વિષ્ણુ અને 'મ' એટલે શિવ. મકાર શિવ એ બીજ છે અને તે જ બીજ લિંગરૂપે સૃષ્ટિના સર્જનનું મૂળ તત્વ છે. શિવપુરાણની વિધ્યેશ્વર સંહિતામાં શિવલિંગનો મહિમા બતાવ્યો છે. લિંગસ્વરૂપ સ્તંભ આદિ અને અંત વિનાનો છે. તે તો અણુથી પણ સૂક્ષ્મ મહાનથી યે મહાન, વિરાટ છે. શિવલિંગ તો ભક્તિ અને મુક્તિનું સાધન છે. શિવપુરાણ પ્રમાણે શિવલિંગ ચૈતન્યસ્વરૂપ છે. લિંગની પીઠ પાર્વતીસ્વરૂપ છે. શિવ હંમેશ પાર્વતીને પોતાની ગોદમાં ધારણ કરે છે. લિંગ અને પીઠિકા તો શિવ-શક્તિનું સંયોજન છે, સૃષ્ટિ-સર્જનનું પ્રતીક છે. ભગવાન શિવ પાર્વતી ને એટલે જ દામ્પત્ય જીવનનાં આદર્શ માનવામાં આવે છે, તેમજ તે સંન્યાસની ઉચ્ચત્તમ કક્ષાએ હોવા છતાં સંસારી કહેવાયા છે! સંસારમાં રહીને જ શિવ પાર્વતીએ પ્રસન્ન દામ્પત્યનો દાખલો બેસાડ્યો છે. આમ ભગવાન આશુતોષ પથ્થરમાં વસીને પોતાનો વિશ્વાસ ભક્તનાં મનમાં દઢ કરે. શિવલિંગ એ હિન્દુઓમાં સૌથી વધુ પૂજાતું સ્વરૂપ છે, કારણ કે ભગવાન શંકરની પૂજા સાવ સીધી સાદી છે. અન્ય દેવી દેવતાઓના કર્મકાંડો ભરેલા યજ્ઞ, દરેક વ્યક્તિ કરી શકે નહીં. સીધાસાદા શુદ્ધ પાણીઅનેએકટબુડીદૂધ, બે-ત્રણબીલીપત્ર હોય એટલે શંકર રાજી રાજી! ન કોઈ ભોગની ઉપેક્ષા, ન કોઈ અન્ય સાધન, માત્ર ને માત્ર ભાવનાનો ભૂખ્યો, એવો ભોળો ભંડારી સદીઓથી ભક્તની ભીડ ભાંગે છે. સ્થાન પણ જ્યાં મળે ત્યાં ગ્રહણ કરી લેતા હોય છે, એટલે કે જંગલમાંથી પણ સ્વયંભૂ શિવલિંગ બહાર નીકળે. સૌરાષ્ટ્ર પંથકમાં તો કોઈને ખબર પણ ન હોય કે આ જમીન તળે શિવલિંગ છે, અને ખોદકામ કરતાં ત્યાંથી શિવલિંગ પ્રાપ્ત થાય છે. કોઈ જગ્યાએ, કોઈ ગાય પોતાના આંચળમાંથી સીધો અભિષેક કરતી રોજ કોઈને દેખાય, અને એ ભરવાડ ત્યાં આગળ ખોદકામ કર્યું તો એમાંથી શિવલિંગ નીકળે! આવું તો આપણે ઘણું સાંભળીયે છીએ, અને એ કોઈ પરચા નથી, સાક્ષાત શંકરનું પ્રાગટ્ય છે. આપણે ત્યાં શંકર પાર્વતીને શ્રદ્ધા વિશ્વાસની જોડી તરીકે ઓળખવામાં આવે છે. ભગવાન ભોળાનાથ તો સૌના કલ્યાણ માટે પ્રત્યેક તીર્થમાં લિંગ રૂપે નિવાસ કરે છે. શિવપુરાણમાં શિવલિંગના અનેક પ્રકારો ગણાવ્યા છે. લિંગપુરાણ પ્રમાણે પત્થર, રત્ન વગેરે દ્રવ્યોના આધારે લિંગના મુખ્ય છ પ્રકાર છે : શૈલજ, રત્નજ, ધાતુજ, કાષ્ઠજ, માટીજ અને ક્ષણિકલિંગ જેને વિષે આપણે શ્રાવણમાં સ્વતંત્ર ચિંતન કર્યું હતું. દરેક લિંગના મૂળમાં બ્રહ્મા, મધ્યમાં વિષ્ણુ અને પરબ્રહ્મરૂપ સદાશિવ લિંગના ઉપરના ભાગમાં રહે છે. લિંગ એ પરબ્રહ્મનું ત્રિમૂર્તિ સ્વરૂપ પણ મનાય છે. બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રમયી એવી ત્રિગુણાત્મક શક્તિ ધરાવતી મા જગતજનની જગદંબા અંબિકા મહાદેવી એ લિંગની વેદિ છે. મનુષ્યોનાં જન્મથી ઉત્પન્ન થયેલાં દુઃખોનો નાશ કરનાર સદાશિવ લિંગને આપણે વારંવાર પ્રમાણ કરીએ.

**વાંસળીએ નાદબ્રહ્મની ઉપાસના છે, વાંસળી જ્યાં સુધી ન સંભળાય ત્યાં સુધી શ્રીકૃષ્ણનાં દર્શન થતાં નથી**

# ઈશ્વરનું ધ્યાન કરો ત્યારે બોલશો નહીં, જીભથી ન બોલે, પણ મનથી ઘણા બોલે છે, મનથી ન બોલે તે ઉત્તમ મૌન



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**પ્રભુનો અધર ઓષ્ઠએ વાંસળીનો તકિયો છે, હાથ એ ગાદી છે, આંખો તે દાસીઓ છે, પાંપણો તે પાંખો છે, નાકની વાળી તે છત્ર છે, આ વાંસળી પરમાત્મા સાથે પરણી છે, તેથી તેને પરમાત્માનો નિત્યસંયોગ પ્રાપ્ત થયો છે, આ વાંસળી એ જાણે પૂર્વજન્મમાં એવી તે શું તપ શ્ચર્યા કરી છે કે, આ જન્મે તે શ્રીકૃષ્ણના અધરા મૃતનું નિત્ય પાન કરે છે, એક ગોપીએ વાંસળીને જ પૂછી નાખ્યું, હેં અલી, તેં આવું શું પુણ્ય કર્યું કે ભગવાન તને અપનાવી?**

સંસારએ દાવાગ્નિ છે.ચારેબાજુથી તે જીવને બાળે છે. દુઃખનો પાર નથી. દરેકને દુઃખરૂપી અગ્નિ બાળે છે,ત્યારે ગોપ બાળકો અને વ્રજ વાસીઓની જેમ આંખ બંધ રાખવી અને ભગવાનના નામનું ચિંતન કરવું. આ સંસારરૂપી દાવાનળ-દાવાગ્નિ બાળવા આવે ત્યારે આંખો બંધ રાખી ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન ધરો. ભગવાનના નામનો જપ કરતાં તેમાં તન્મયતા થાય એટલે સંસારનો દાવાગ્નિ દૂર થાય. પ્રલંબાસુર નામે એક રાક્ષસ હતો. પ્રલંબાસુર એટલે અંતઃકરણની લાંબી લાંબી વાસનાઓ. આ વાસનાઓને લીધે જીવ-ઈશ્વરનું મિલન થતું નથી. પ્રભુએ આ પ્રલંબાસુરને હણ્યો છે. એમ કરતાં સોહામણી શરદ ઋતુ આવી. શ્રીકૃષ્ણ ગાયોને ચારતાં વાંસળી વગાડવા લાગ્યા. ગોપીઓ આ વાંસળી સાંભળે છે. વાંસળી એ નાદબ્રહ્મની ઉપાસના છે. વાંસળી જ્યાં સુધી ન સંભળાય ત્યાં સુધી શ્રીકૃષ્ણનાં દર્શન થતાં નથી. શ્રીકૃષ્ણ દર્શન માટે વેણુનાદ સંભળાવો જોઈએ. વેણુ નાદ એટલે નાદબ્રહ્મ. નાદબ્રહ્મ આગળ બીજા બધા આનંદ તુચ્છ છે.ગોપીઓને દૂર દર્શન અને દૂર શ્રવણએ બે સિદ્ધિ ઓ પ્રાપ્ત થઈ હતી. એટલે ગોપી ઓ ઘરમાં રહી શ્રીકૃષ્ણની વેણુ સાંભળે છે અને શ્રીકૃષ્ણની લીલા પણ જોઈ શકે છે. વેણુના નાદ વિશે ગોપીઓ અંદર અંદર વાતો કરે છે એને વેણુગીત કહે છે. ભક્તિભાવની પરાકાષ્ઠાનું આ ગીત વિશ્વમાં અજોડ છે. ગોપીઓ અંદર અંદર વાતો કરે છે કે, હે સખી, આંખો વાળાના જીવનની અને આંખોની સફળતા શું? જ્યારે શ્યામસુંદર શ્રીકૃષ્ણ અને ગૌરસુંદર બલરામ ગોપ બાળકોની સાથે ગાયોને હાંકી વનમાં લઈ જતા હોય કે, વનમાં આવતા હોય અને શ્રીકૃષ્ણે પોતાના હોઠ પર મુરલી ધારણ કરી હોય અને પ્રેમ થી વાંકી નજર કરી આપણી સામે જોતા હોય,એ નેત્રોની સફળતાછે બાકી બધું ધૂળ!આવા શ્રીકૃષ્ણનાં જેણે દર્શન કર્યાં છે તેઓને જ આંખનું ફળ પ્રાપ્ત થયું છે, તે સિવાય નેત્રોનું ફળ બીજું કાંઈ ન હોઈ શકે! હે સખી! કનૈયો વાંસળી વગાડે છે. તું સાંભળ. આ વાંસળી નથી. એ શ્રીકૃષ્ણની પટરાણી કે અલી સખી તને શું કહું? મેં સાંભળ્યું છે કે, જ્યારે શ્રીકૃષ્ણ જમવા બેસે ત્યારે પણ વાંસળી કેડમાં ખોસી રાખે છે. રાત્રે શ્રીકૃષ્ણ સૂએ છે, ત્યારે પણ પથારીમાં વાંસળીને સાથે રાખીને સૂએ છે.આ વાંસળી એમની પટરાણી છે. પ્રભુનો અધર ઓષ્ઠએ વાંસળીનો તકિયો છે. હાથ એ ગાદી છે. આંખો તે દાસીઓ છે. પાંપણો તે પાંખો છે. નાકની વાળી તે છત્ર છે. આ વાંસળી પરમાત્મા સાથે પરણી છે, તેથી તેને પરમાત્માનો નિત્યસંયોગ પ્રાપ્ત થયો છે. આ વાંસળી એ જાણે પૂર્વજન્મમાં એવી તે શું તપશ્ચર્યા કરી છે કે, આ જન્મે તે શ્રીકૃષ્ણના અધરા મૃતનું નિત્ય પાન કરે છે. એક ગોપીએ વાંસળીને જ પૂછી નાખ્યું, હેં અલી, તેં આવું શું પુણ્ય કર્યું કે ભગવાને તને અપનાવી? વાંસળી કહે, મેં 'બહુ તપશ્ચર્યા કરી છે! મારું હૈયું પોલું છે. હું પેટમાં કંઈ જ રાખતી નથી!વાંસળી પેટમાં કંઈ રાખતી નથી, તેથી તે ભગવાન શ્રીકૃષ્ણની પ્રિય બની છે માટે વેરઝેરનો હૃદયમાં સંગ્રહ કરશો નહીં.જે વાંસળી જેવા બને છે તે ભગવાનને ગમે છે. વાંસળી કહે છે, મારામાં એક-બે નહીં, ઘણા ગુણો છે.મેં ઘણું સહન કર્યું છે. મારા ઉપર છ ઋતુઓના માર પડ્યા છે. લોકોએ મને કોતરી પણ હું બોલી નહીં. વાંસળી કહે છે, મારા ધણીને જે બોલાવવું હોય તે હું બોલું છું.મારા ધણીને જે સૂર કાઢવો હોય તે કાઢે મારા પોતાના સૂર જેવું મેં કંઈ રાખ્યું જ નથી અને ધણીના સૂરને હું મારા સૂર તરીકે પ્રગટ કરું છું. વળી ધણીની આજ્ઞા કે ઈચ્છા વિના હું કદી બોલતી નથી. તેથી હું બોલું છું ત્યારે સાંભળનારો ડોલે છે, નાગ પણ ડોલે છે અને કસ્તૂરીમૃગ પણ ડોલે છે. નાગ દુર્જન, કસ્તૂરી મૃગ સજ્જન, સજ્જન દુર્જનને બેઉને આનંદ થાય તેવું મધુર હું બોલું છું. વાંસળીએ ખૂબ સહન કર્યું છે એટલે ભગવાનની સન્મુખ થઈ છે એટલે સમજીને જે દુઃખ સહન કરે તેનું પાપ બળે છે. નિશ્ચય કરો કે, મારે મધુર બોલવું છે. કોઈનું દિલ દુભાય તેવું બોલશો જ નહીં, કારણ કે લાકડીનો માર ભૂલાય છે પણ શબ્દનો માર ભૂલાતો નથી. વાંસળીમાં એક એવો ગુણ છે કે, તે જ્યારે એકલી હોય,ત્યારે બોલતી નથી.તમે ઈશ્વરનું ધ્યાન કરો ત્યારે બોલશો નહીં. જીભથી ન બોલે,પણ મનથી ઘણા બોલે છે. મનથી ન બોલે તે ઉત્તમ મૌન. એક સખી બોલી, અલી સખી, તું જો તો ખરી,આ વાંસળીનો અવાજ સાંભળી આ વૃક્ષોમાંથી મધની ધારાઓ વહે છે. કનૈયો વાંસળી વગાડે છે તેથી વૃક્ષોને પણ આનંદ થાય છે. એમની ન્યાતની દીકરી પરમાત્માની સાથે પરણી છે તેનો એ આનંદ છે! એ આનંદમાં વૃક્ષો અશ્રુવહાવે છે.આનો બીજોપણ અર્થ કેટલાક સંતો કરે છે. તેઓ કહે છે કે, વૃક્ષો નાં આંસુએ દુઃખનાં આંસુ છે. વૃક્ષોએ વિચાર્યું કે, વાંસનું મુખ્ય કામ ઘરને છાજવાનું છે. એ પરોપકારનું કામ મૂકીને વાંસળીએ તો ઘણા લોકોનાં ઘરને ઉજ્જડ કરવાનું શરૂ કર્યું છે.કારણ કે લાલાની વાંસળી જેના કાન ઉપર પડી તેને પછી ઘર ગમતું નથી. આમ વિચારી વૃક્ષો શોકનાં આંસુ વહાવે છે. તો વળી બીજા મહાત્મા કહે છે કે, વાંસ તો ડૂબતાને બચાવે છે, તારે છે.ત્યારે આ વાંસળી તો બધાને આનંદ રસમાં ડૂબાડે છે, તેથી વૃક્ષો દુઃખી થઈને રડે છે. એક ગોપી બોલી, અલી સખી, તું જો તો ખરી, મારો કનૈયો વાંસળી વગાડે છે ત્યારે હરિણીઓ પાગલ થઈ દોડતી આવે છે. જો તો ખરી, કનૈયા ભણી જોતાં એમની આંખ ની પાંપણો પણ હાલતી નથી! ગોપીઓની દૃષ્ટિ કેવી સૂક્ષ્મ છે! હરિણીઓની પાંપણો હાલતી નથી.તે ઘરમાંથી જુએ છે. હરિણીઓ એકલી નથી,પણ તેમના પતિઓ પણ સાથે છે. તેથી ગોપી કહે છે, અલી સખી, મારા મનની એક ખાસ વાત તને કહું છું. આ હરિણીઓને તેમના પતિ અનુકૂળ છે, ત્યારે મારા પતિ મને પ્રભુસેવામાં પ્રતિકૂળ છે.મારા કરતાં વૃંદાવનની આ હરિણીઓ વધારે ભાગ્યશાળી છે!હરિણીઓ લાલાની પૂજા કરવા માગે છે. પાસે કોઈ નથી, પણ પોતાની આંખ રૂપી કમળોથી તેઓ લાલાની પૂજા કરે છે. પતિને પરમાત્મા પાસે લઈ જાય, સત્સંગમાં લઈ જાય તે હરિણી સાચી. એટલે તે પત્ની સાચી.પતિ ને પરમાત્માના માર્ગે વાળે,પતિના હાથે સત્કર્મ કરાવે તે જ પત્ની છે. પતિને કેવળ ભોગ વિલાસમાં ફસાવે તે પત્ની પતિની શત્રુ છે. એક ધ્વનિ એવો પણ નીકળે છે કે, શ્રીકૃષ્ણસેવામાં હરિણીઓના પતિ હરિણીઓને સાથ આપે છે, ત્યારે ગોપીઓના પતિ એમને સાથ આપતા નથી. ઊલટું,એમની શ્રી કૃષ્ણ સેવામાં,શ્રીકૃષ્ણ કીર્તન માં કોઈવાર વિઘ્ન કરે છે. વળી એક ગોપી બોલી,અરે સખી શું કહું? બંસીનાદ સાંભળી ગાયો ઘાસ ખાવાનું છોડી દે છે અને પોતાના કાનરૂપી પડિયા દ્વારા બંસોના મધુર નાદનું પાન કરે છે. ભગવાનની પ્રેમથી બંસીનો નાદ સાંભળી ગાયો આનંદ ભરપૂર થઈ આંખમાંથી પ્રેમાશ્રુઓ પાડે છે અને મોઢામાંનો ઘાસનો કોળિયો ચાવવાનું ભૂલી જાય છે. અરે, વાછરડાં ધાવવાનું છોડી દે છે. અરે સખી,મારો કનૈયો જ્યારે વાંસળી વગાડે છે ત્યારે વૃંદાવન માં પક્ષીઓ કાંઈ અવાજ કરતાં નથી. મોટા મોટા ઋષિઓ પક્ષીઓ થઈ વૃંદાવનમાં આવ્યા છે. લીલા નિકુંજમાં તેઓ રાધે કૃષ્ણ, રાધે કૃષ્ણ બોલતા ફરે છે. ઘણાંપક્ષીઓ તો તરસ લાગે તો પણ કોઈ રાધે કૃષ્ણ બોલે ત્યારે જ પાણી પીવા જાય છે. અરે સખી કેટલાંક પક્ષી ઓ તો એવાં છે કે, તે વૃક્ષ પરથી નીચે ઊતરતાં નથી. જમુનાજીનું જળપાન કરવા પણ જતાં નથી. જળપાન કરવા જઈએ તેટલો સમય શ્રીકૃષ્ણનો વિરહ થાય એ એમનાથી ખમાતું નથી. ધન્ય છે એ પક્ષીઓને! તે વખતે યશોદામા ત્યાં આવે છે.તે કહે છે કે,હું રોજ કહું છું કે કનૈયા જોડા પહેરીને વનમાં જા, છતાં તે જોડા પહેરતો નથી. ત્યારે એક ગોપી બોલી,મા, તમે ચિંતા કરશો નહીં. કનૈયાનો એક મિત્ર એવો છે જે કનૈયાને માથે છત્રી રાખી ચાલે છે. અરે સખી, એવો તે એનો કોણ મિત્ર છે? ગોપીઓ કહે છે, આ મેઘરાજ શ્રીકૃષ્ણનો ખાસ મિત્ર છે. કનૈયો જ્યાં જાય ત્યાં છાયા કરે છે. પણ ધરતી ઉપર ચાલવાનું એટલે તેને કષ્ટ થતું હશે ને?ના,ના, ગિરિરાજ મહારાજ માખણ જેવા કોમળ થાય છે. કનૈયાનાં ચરણ સ્પર્શથીગિરિરાજ કોમળ બને છે.ગિરિરાજ કનૈયાની સેવા કરે,પણ ગાયોની, વૈષ્ણવોની પણ સેવા કરે છે, તેથી શ્રીકૃષ્ણને તો બહુ પ્રિય લાગે છે. ઠાકોરજીની સેવા કરેએ વૈષ્ણવો ની સેવા કરે. એ મહા વૈષ્ણવ છે. પરમાત્માનાં ચરણનો સ્પર્શ થાય છે, તેથી ગિરિ રાજને રોમાંચ થાય છે. મા, ગિરિરાજ ઉપર ખાડા પડે છે એ ખાડા પૂરવાની દવા પણ કનૈયા પાસે છે. કનૈયો એવી વાંસળી વગાડે છે કે, તેના આનંદમાં ગિરિરાજ ફૂલી જાય છે એટલે ખાડા પૂરાઈ જાય છે. એક સખી બોલી,અલી સખી, તું જો તો ખરી.આ કનૈયો હવે કદંબના વૃક્ષ ઉપર ચડીને ગાયોને બોલાવે છે. વાંસળીમાંથી એક એક ગાયનું નામ લે છે. હે ગંગે, હે ગોદાવરી, હે યમુને! જે ગાયનું નામ લે તે ગાય દોડતી આવે છે. અરે સખી,તું જો તો ખરી, આ ગાયો હુંભ હુંભ કરતી કદંબના વૃક્ષને ઘેરીને ઊભી છે અને મારા લાલાની સુંદર ઝાંખી કરે છે. કેવું મનોહર દશ્ય છે! અલી સખી, મારી એક ખાનગી વાત તને કહું,લાલા ની આ પ્રમાણે હું ઝાંખી કરું છું ત્યારે હું બાવરી બની પ્રવેશમળશે હજુ લોકલજ્જાનું, દેહાધ્યાસનું તેને સૂક્ષ્મ ભાન છે. દેહાધ્યાસ જશે ત્યારે રાસલીલા માં પ્રવેશ મળશે. દેહાધ્યાસ જાય છે ત્યારે ગોપી પ્રાપ્ત થાય છે. શ્રીકૃષ્ણ ગાયોને બોલાવે છે,ત્યારે નદીઓ ને ભ્રાંતિ થાય છે કે, કનૈયો અમને બોલાવે છે, પણ બિચારી જઈ શકતી નથી.તેથી પોતાના તરંગ રૂપી હાથમાં કમળ-પુષ્પો લઈ જે દિશામાં વેણુનાદ આવે છે.

### પુષ્પા ૨ ની સ્ક્રીનિંગમાં મચેલી નાસભાગ કેસમાં અલ્લુ અર્જુનને રાહત

# અલ્લુ અર્જુનને હાઈકોર્ટે આપ્યા ૪ સપ્તાહના વચગાળાના જામીન

## કોર્ટે તેને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો હતો : અલ્લુ અર્જુનના વકીલે વચગાળાના જામીન આપવાની માગ કરી હતી

પુષ્પા ૨ ફિલ્મની સ્ક્રીનિંગમાં મચેલી નાસભાગ કેસમાં જાણીતા અભિનેતા અલ્લુ અર્જુનની પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો. પોલીસ સ્ટેશનમાં નિવેદન નોંધ્યા બાદ તેને કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. જ્યાં કોર્ટે તેને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો હતો. આ અંગે અલ્લુ અર્જુનના વકીલે વચગાળાના જામીન આપવાની માગ કરી હતી. કોર્ટે દલીલો સાંભળ્યા બાદ વચગાળાના જામીન આપી દીધા છે. અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પ ા-૨ના સ્ક્રીનિંગ દરમિયાન થયેલી નાસભાગમાં એક મહિલા ચાહકનું મોત નીપજતાં તેના વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના આધારે કોર્ટે મહત્ત્વનો નિર્ણય આપ્યો છે. આ મામલે એફઆઈઆર રદ કરાવવા અલ્લુ અર્જુને તેલંગાણા હાઈકોર્ટના દ્વાર પણ ખટખટાવ્યા હતા. જો કે તે પહેલા જ હૈદરાબાદ પોલીસે તેની પૂછપરછ હાથ ધરી હતી.

અલ્લુ અર્જુનને તેલંગાણા કોર્ટે રૂ. ૫૦ હજારના બોન્ડ ચૂકવવાની શરતે જામીન આપ્યા છે. તેલંગાણા હાઈ કોર્ટે ચાર સપ્તાહ માટે વચગાળાના જામીન મંજૂર કર્યા છે. જસ્ટિસ જુવ્વેદી શ્રીદેવીની સિંગલ જજની પેનલે જણાવ્યું હતું કે, અર્જુન પ્રારંભિક ધોરણે આ ઘટના માટે જવાબદાર નથી. તે મુવી પ્રીમિયર માટે પરવાનગી સાથે ગયો હતો. આ ઘટનાને જાણી જોઈને હત્યાના ઉદ્દેશ સાથે અંજામ આપવામાં આવ્યો નથી.

અલ્લુ અર્જુનને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડી પર વચગાળાના જામીન માગ્યા હતા. જે કોર્ટે મંજૂર કર્યા છે. કોર્ટે જામીન મંજૂર કરતાં જણાવ્યું હતું કે, ઘટના જાણી જોઈને ઘટી નથી. અલ્લુએ સમગ્ર કેસની તપાસમાં પોલીસને પૂરતો સહયોગ આપવાની ખાતરી આપી છે.

સુનાવણીમાં અલ્લુ અર્જુનના વકીલે દાવો કર્યો છે કે, અભિનેતાની ધરપકડ સનસની ફેલાવવા પૂરતી થઈ હતી. જેની જરૂર ન હતી. જજે પણ સવાલ કર્યો હતો કે, શું અભિનેતાની ધરપકડ બીએનએસની કલમ ૧૦૫ (બી) અને ૧૦૮ હેઠળ થઈ શકે છે, શું તે આ ઘટના માટે જવાબદાર છે? સરકારી વકીલે જણાવ્યું હતું કે, અર્જુન અભિનેતા છે, પણ હાલ તે આરોપી છે. તેની ઉપસ્થિતિના લીધે ભીડ થઈ હતી. જેના લીધે આ દુર્ઘટના ઘટી હતી.

અગાઉ પુષ્પા ૨ના અભિનેતા અલ્લુ અર્જૂનની હૈદરાબાદ પોલીસે ધરપકડ કરી હતી. હૈદરાબાદના સંધ્યા થિયેટર કેસમાં દક્ષિણ ભારતના સુપરસ્ટાર અને પુષ્પા ૨ ફિલ્મના અભિનેતા અલ્લુ અર્જૂનની ધરપકડ હતી.. અત્રે જણાવવાનું કે ૪ ડિસેમ્બરના રોજ પુષ્પા ૨ ફિલ્મની રિલીઝની પૂર્વ સંધ્યા પર સંધ્યા થિયેટરમાં એક વિશેષ સ્ક્રીનિંગનું આયોજન થયું હતું. અહીં એડવાન્સ ટિકિટ ખરીદીને લોકો ફિલ્મ જોવા માટે પહોંચ્યા હતા. કોઈને ખબર નહતી કે અલ્લુ અર્જૂન પણ આવવાનો છે. પરંતુ અલ્લુ અર્જૂનની ટીમ અચાનક પહોંચી ગઈ. જેવો તે થિયેટરમાં પહોંચ્યો કે તેના પ્રશંસકો મોટી સંખ્યામાં તેને જોવા માટે ઉમટી પડ્યા જેના કારણે ભાગદોડ મચી ગઈ. આ ભાગદોડમાં એક મહિલાએ જીવ ગુમાવ્યો. જેના કારણે અલ્લુ અર્જૂન અને અન્ય પર અપરાધિક બેદરકારીનો આરોપ લાગ્યો.

અલ્લુ અર્જૂને આ ઘટના અંગે તેલંગણા હાઈકોર્ટમાં અપીલ કરી હતી જેમાં તેણે કહ્યું હતુ કે આ ઘટનામાં તેની કોઈ ભૂલ નહતી. તે ફક્ત દુર્ભાગ્યવશ ત્યાં હાજર હતો. આ અગાઉ પહેલા પણ એક કેસમાં શિલ્પા રવિ રેડ્ડીના ઘરે થયેલી એક ઘટનામાં તે ત્યાં હાજર હતો પરંતુ તે કેસમાં હાઈકોર્ટે તેને રાહત આપી હતી. હવે આ નવા કેસમાં તેની ધરપકડ થઈ ગઈ હતી.

આ અગાઉ સાઉથ સુપરસ્ટાર અલ્લુ અર્જૂને મહિલાના મોત પર દુઃખ વ્યક્ત કર્યુ હતું. બુધવારે રાતે ૯.૩૦ વાગે પુષ્પા ૨ ધ રૂલના પ્રીમીયર વખતે એમ રેવતી નામની મહિલાનું ભાગદોડમાં મોત થયું હતું. અલ્લુ અર્જૂને એક્સ પર ઘટનાનો ઉલ્લેખ કરતા એક વીડિયો પોસ્ટ કર્યો અને દુઃખ વ્યક્ત કર્યુ હતું. અભિનેતાએ લખ્યું કે સંધ્યા થિયેટરમાં થયેલી દુઃખદ ઘટનાથી ખુબ દુઃખી છું. આ કપરા સમયમાં પરિવાર પ્રત્યે મારી સંવેદનાઓ છે.

હું તેમને ખાતરી અપાવવા માંગુ છું કે તેઓ આ દર્દમાં એકલા નથી અને હું વ્યક્તિગત રીતે પરિવારને મળીશ. શોક મનાવવા માટે તેમની જરૂરિયાતનું સન્માન કરતા હું આ કપરી મુસાફરીમાંથી પસાર થવામાં તેમની દરેક શક્ય મદદ કરવા માટે પ્રતિબદ્ધ છું. અલ્લુ અર્જૂને મૃત મહિલાના પરિજનોને આશ્વાસન આપ્યું કે તેઓ હંમેશા તેમના માટે હાજર રહેશે. અભિનેતાએ પરિવારને સદભાવના તરીકે ૨૫ લાખ રૂપિયા આપવાનું વચન પણ આપ્યું હતું.



## તમન્નાએ જણાવ્યું કે તેને ‘મહોબ્બતેં’નો જિમ્મી શેરગિલ ખૂબ ગમતો હતો

### તમન્ના ભાટીયાની જિમ્મી શેરગિલ-અવિનાશ તિવારી સાથેની ફિલ્મ ‘સિકંદર કા મુકદ્દર’ ઓટીટી પર રિલીઝ થઈ



તમન્ના ભાટીયા અને વિજય વર્માના રિલેશનશિપની ચર્ચ વચ્ચે તાજેતરમાં તમન્નાએ એક ઈન્ટરવ્યુમાં પોતાના ક્રશ અંગે રસપ્રદ ખુલાસો કર્યો છે. તાજેતરમાં તમન્નાની જિમ્મી શેરગિલ અને અવિનાશ તિવારી સાથેની ફિલ્મ ‘સિકંદર કા મુકદ્દર’ ઓટીટી પર રિલીઝ થઈ છે, જેને દર્શકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. આ ફિલ્મ સંદર્ભે આપેલાં એક ઈન્ટરવ્યૂમાં તમન્નાએ જણાવ્યું કે તેને ‘મહોબ્બતેં’ના જિમ્મી શેરગિલ પર ભારે ક્રશ હતો અને એ તેને બહુ જ ગમતો હતો. તમન્નાએ જ્યારે આ ખુલાસો કર્યો ત્યારે જિમ્મી પણ ઈન્ટરવ્યૂમાં હાજર હોવાથી તેણે ખુબ શરમાતાં આ વાત કરી હતી. તમન્નાએ કબૂલ્યું હતું, ‘‘મને એ મહોબ્બતેંમાં બહુ જ ગમતા હતા. મને એમના પર બહુ જ ભારે ક્રશ હતો અને કેમ નહીં?’’ આ ફિલ્મમાં જિમ્મીનું પાત્ર એટલું સુંદર હતું કે તેણે દરેક ફૅનના દિલમાં પોતાનું સ્થાન બનાવી લીધું હતું. આ અંગે અવિનાશે પણ કહ્યું હતું કે આજે પણ લોકો જિમ્મી સરના દિવાના છે. ત્યારે તમન્નાએ કહ્યું હતું, ‘‘આ પહેલાં હું એમને રૂબરૂ ક્યારેય મળી નહોતી.પહેલાં દિવસો તો મને ઘણો ખચકાટ થતો હતો, એ પોલિસનું પાત્ર ભજવે છે, તો એમની સાથે વાત કેમ કરવી એ જ સમજાતું નહોતું.’’ આ વાતના જવાબમાં જિમ્મીએ કહ્યું, ‘‘મેં એમને હેલ્લો કહેલું, સામેથી જઈને. એણે અડધા દિવસ સુધી મારા હેલોનો જવાબ આપ્યો નહોતો. એ કેરેક્ટરમાં એટલી ઘુસેલી હતી કે તેને એમાંથી બહાર આવતા લંચ બ્રેક સુધીનો ટાઈમ લાગી ગયો.’’

### અભિનેતાના ટ્રાંસફોર્મેશન જોઈ ચાહકો થઈ ગયા સ્તબ્ધ

## ફિલ્મ માટે જીવતા હાડપિંજરમાં ફેરવાઈ ગયો

### હોલીવુડની આગામી ફિલ્મ ’૨૮ યર્સ લેટર’નું ટ્રેલર મંગળવારે રિલીઝ

હોલીવુડની આગામી ફિલ્મ ’૨૮ યર્સ લેટર’નું ટ્રેલર મંગળવારે રિલીઝ કરવામાં આવ્યું છે. જોડી કોમર, એરોન ટેલર-જોન્સન, જેક ઓ’કોનેલ અને આલ્ફી વિલિયમ્સ અભિનીત ફિલ્મના ટ્રેલરની ચર્ચા દરેક જગ્યાએ થઈ રહી છે, પરંતુ ટ્રેલરના એક દ્રશ્યે દર્શકોમાં હલચલ મચાવી દીધી છે. આ ટ્રેલરે લોકોને વિશ્વાસ અપાવ્યો છે કે ઓસ્કાર એવોર્ડ વિજેતા અભિનેતા કિલિયન મર્ફી ત્રીજા હપ્તા સાથે દર્શકો સમક્ષ પરત ફરી રહ્યા છે. કિલિયન મર્ફી તેના જબરદસ્ત અભિનય તેમજ તેના ટ્રાંસફોર્મેશન માટે પ્રખ્યાત છે અને હવે તેણે ફરી એકવાર તેના ટ્રાંસફોર્મેશનથી ચાહકોને ઉડાવી દીધા છે. ઓસ્કર વિજેતા દિગ્દર્શક ડેની બોયલની ‘૨૮ યર્સ લેટર’ ૨૦૦૨માં રિલીઝ થયેલી ’૨૮ ડેઝ લેટર’ ફ્રેન્ચાઈઝીનો એક ભાગ છે, જેમાં કિલિયનએ જિમ નામના વ્યક્તિની ભૂમિકા ભજવી હતી. હવે, કિલિયન મર્ફીની એક ઝલક ફિલ્મના ત્રીજા હપ્તાના ટ્રેલરમાં પણ જોવા મળી હતી, એટલે કે ૨૮ યર્સ લેટર , પરંતુ એક ઝોમ્બીના રૂપમાં. ફિલ્મના ટ્રેલરમાં જોવા મળેલી કિલિયનની ઝલક મનને ઉડાવી દે તેવી છે. આ ટ્રેલરમાં કિલિયન મર્ફી જીવંત હાડપિંજર જેવો દેખાય છે. સંપૂર્ણપણે સુકાઈ ગયેલું શરીર, જેમાં તેના દરેક હાડકા સ્પષ્ટ દેખાય છે. કિલિયન મર્ફીનું આ ટ્રાંસફોર્મેશન અને દેખાવ ચાહકોને આશ્ચર્યચકિત કરવા અને રોમાંચિત કરવા માટે પૂરતું છે. અભિનેતાના આ લુકને જોયા પછી ચાહકોને તેમની આંખો પર વિશ્વાસ કરવો મુશ્કેલ થઈ રહ્યો છે. એક્ટરનો આ લુક જોયા બાદ બધાની આંખો ખુલ્લી રહી ગઈ હતી.દરેક વ્યક્તિ જાણે છે કે કિલિયન મર્ફી તેના પાત્રોમાં જીવંતતા લાવવાના તમામ પ્રયાસો કરે છે અને તેના આહારનું સંપૂર્ણ ધ્યાન રાખે છે. તાજેતરમાં, માર્ક મેરોનના પોડકાસ્ટ પર વાતચીત દરમિયાન, તેણે તેના તાજેતરના આહાર વિશે વાત કરી અને કહ્યું કે આ દિવસોમાં તે વીગન બનવાનો પ્રયાસ કરી રહ્યો છે. તે મોટે ભાગે છોડ આધારિત ખોરાક ખાય છે. તેણે પોતાની ફિલ્મ ‘ઓપનહેઈમર’ માટે પણ આ જ રીતે વજન ઘટાડ્યું હતું. એક્ટર વીગન બનતા પહેલા ૧૫ વર્ષ સુધી શાકાહારી હતો.૨૮ યર્સ લેટર ની વાત કરીએ તો, ડેની બોયલ દ્વારા નિર્દેશિત આ ફિલ્મ ૨૦ જૂન, ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. ત્રીજા ભાગની વાર્તા વાયરસની વિનાશક અસરો વિશે છે, જે વાર્તાને આગળ લઈ જશે.




## સેટ પર સ્ટંટ કરતી વખતે અક્ષયને આંખમાં ઈજા



બોલિવૂડ એક્ટર અક્ષય કુમાર સેટ પર ઘાયલ થયો છે. માહિતી અનુસાર, ‘હાઉસફુલ ૫’ના સેટ પર અક્ષય કુમારની આંખમાં ઈજા થઈ હતી. આ કારણે ફિલ્મનું શૂટિંગ પણ રોકવું પડ્યું હતું. જો કે હજુ સુધી આ અંગે ‘હાઉસફુલ ૫’ અને અક્ષય કુમારની ટીમ તરફથી કોઈ માહિતી મળી નથી. તરુણ મનસુખિયાના નિર્દેશનમાં બની રહેલી હાઉસફુલ, ૫ જૂન, ૨૦૨૫ના રોજ નિર્ધારિત છે. માહિતી મુજબ, શૂટિંગ દરમિયાન સ્ટંટ કરતી વખતે અક્ષય કુમારની આંખમાં એક વસ્તુ ઉડી હતી.જે પછી તરત જ સેટ પર એક આંખના ડૉક્ટરને બોલાવવામાં આવ્યા હતા, જેમણે તેની આંખો પર પટ્ટી બાંધી અને અભિનેતાને હાલ માટે આરામ કરવા કહ્યું. અન્ય કલાકારોએ ફિલ્મનું શૂટિંગ ફરી શરૂ કર્યું છે. અક્ષય કુમાર ફરીથી શૂટિંગ શરૂ કરવા માંગે છે. તે નથી ઈચ્છતો કે તેના કારણે ફિલ્મનું શૂટિંગ બેલેન્સ અટકે. હાલમાં હાઉસફુલ ૫નું શૂટિંગ અંતિમ તબક્કામાં છે. ટૂંક સમયમાં જ આખી ટીમ તેને પૂર્ણ કરશે અને પછી પોસ્ટ પ્રોડક્શનનું કામ શરૂ થશે. હાઉસફુલ ૫નું શૂટિંગ રોકવું પડ્યું. તરુણ મનસુખિયાના નિર્દેશનમાં બની રહેલી હાઉસફુલ, ૫ જૂન, ૨૦૨૫ના રોજ નિર્ધારિત છે. આ ફિલ્મમાં રિતેશ દેશમુખ, અક્ષય કુમાર, અભિષેક બચ્ચન, શ્રેયસ તલપડે, જેકલીન ફર્નાન્ડિસ, ચંકી પાંડે અને નરગીસ ફખરી સહિત ઘણા સ્ટાર્સ છે. આટલું જ નહીં નાના પાટેકર, સોનમ બાજવા, ચિત્રાંગદા સિંહ અને જેકી શ્રોફ પણ છે.

## એક ફેશન બ્રાન્ડે એક્ટ્રેસ ઉર્ફી જાવેદને કપડાં ઉતારવાની કરી ડિમાન્ડ

### પ્રોફેશનલ લાઇફની વાત કરીએ તો તાજેતરમાં રિયાલિટી વેબ સિરીઝ પ્લેગ્રાઉન્ડમાં મેન્ટર બનીને જોવા મળી



ઉર્ફી જાવેદ પોતાના બોલ્ડ અને બેબાક અંદાજ માટે જાણીતી છે. ઉર્ફીએ કેટલીક વખત તેમના બોલ્ડ અંદાજને કારણે ટ્રોલ પણ થવું પડે છે પરંતુ જ્યારે સામે વાળો લિમિટ ક્રોસ કરે છે તો ઉર્ફી તેની ક્લાસ પણ લગાવે છે. તાજેતરમાં એક ફેશન બ્રાન્ડે ઉર્ફીને એપ્રોચ કરી હતી પરંતુ તેને આ ઓફરમાં એક્ટ્રેસ સામે એક ગંદી ડિમાન્ડ મુકી હતી. ઉર્ફીએ હવે કંપની વિરૂદ્ધ એક્શન લેવાનો નિર્ણય કર્યો છે.ઉર્ફીએ ઈ-મેલનો એક સ્ક્રીનશોટ શેર કર્યો છે જેમાં એક ઓરલ કેર બ્રાન્ડે લખ્યું કે, અમારી પાસે ઉર્ફી માટે એક સ્ક્રિપ્ટ છે, શું તે સ્ટ્રિપ (કપડા ઉતારવા) માટે તૈયાર છે?તે બાદ ઉર્ફીએ પૂછ્યું કે સ્ટ્રિપનો અર્થ? તો ત્યાંથી મેસેજ આવ્યો કે સ્ટ્રિપ ઘેટ ડાઉન. તે બાદ ઉર્ફીની ટીમે મેસેજ કર્યો કે તમે શું કહેવા માંગો છો? ઉર્ફીએ આ સ્ક્રીનશોટ્સને શેર કરતા બ્રાન્ડને લખ્યુ, તમે તમામ લાઈન ક્રોસ કરી દીધી છે. આજ સુધી મે જ્યારે કોઈ બ્રાન્ડ સાથે કામ કર્યુ ક્યારેય આવો એક્સપીરિયન્સ કર્યો નથી. મારી ટીમ તમારી સાથે વાત કરશે અને તેનો અંજામ ભોગવવા માટે તૈયાર રહેજો.ઉર્ફી જાવેદની પ્રોફેશનલ લાઈફની વાત કરીએ તો તાજેતરમાં રિયાલિટી વેબ સિરીઝ પ્લેગ્રાઉન્ડમાં મેન્ટર બનીને જોવા મળી હતી. આ પહેલા તેનો શો ફોલો કર લો યાર આવ્યો હતો જેમાં તેની લાઈફની પર્સનલ અને પ્રોફેશનલ મોમેન્ટ્સ જોવા મળી હતી જેને સારો રિસ્પોન્સ મળ્યો હતો.

### અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીના દીકરા ‘અકાય’ના નામનો અર્થ સમજવા લોકોએ ગૂગલની મદદ લીધી....

# સૌથી વધુ ગૂગલ સર્ચ થયેલા એક્ટર્સમાં હિના ખાન, નિમરત કૌર સાથે પવન કલ્યાણ



ગૂગલે ૨૦૨૪ના વર્ષમાં સૌથી વધુ સર્ચ થયેલી વિવિધ કેટેગરીનું લિસ્ટ પ્રસિદ્ધ કર્યું છે. ગૂગલના આ ગ્લોબલ લિસ્ટમાં એક્ટર્સ કેટેગરીમાં ભારતની ત્રણ સેલિબ્રિટીઝનો સમાવેશ થાય છે. ટોપ-૧૦ ગ્લોબલ સેલિબ્રિટીમાં કેટ વિલિમ્સ, એડમ બ્રોડી અને એલ્લા પુર્નેલની સાથે ભારતમાંથી હિના ખાન, નિમરત કૌર અને પવન કલ્યાણનો સમાવેશ થાય છે. એક્ટ્રેસ હિના ખાનને બ્રેસ્ટ કેન્સરનું નિદાન થયું હતું. હિનાએ થોડા મહિના અગાઉ કેન્સરના નિદાન અંગે સોશિયલ મીડિયા પર ખુલીને વાત કરી હતી. તેણે ઈમોશનલ વીડિયો શેર કર્યા હતા. એટલું જ નહીં કીમોથેરાપી અને વાળ ઉતરાવ્યા પછીના ફોટો-વીડિયો મારફતે તેણે કેન્સરના દર્દીઓનો આત્મવિશ્વાસ વધારવા પ્રયાસ કર્યો હતો. હિનાએ કેન્સર સામે મક્કમ લડત આપવાનું એલાન કર્યુ હતું અને સારવાર બાદ કામ પર પાછા ફરતી વખતે પણ હિનાએ સોશિયલ મીડિયા પર સૌનું ધ્યાન ખેંચ્યું હતું. કેન્સર સામે બાથ ભીડવાની હિનાની આ હિંમતના પગલે તેના વિષે જાણવામાં ઉત્સુકતા વધી હતી. નવોદિત એક્ટર્સની કેટગરીમાં આવતી નિમરત કૌર અચાનક અંગત કારણોસર ચર્ચામાં આવી ગઈ હતી. અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય વચ્ચે ડિવોર્સની અટકળો વચ્ચે નિમરતે ધ્યાન ખેંચ્યુ હતું. અભિષેક અને નિમરત વચ્ચે નિકટતા વધી રહી હોવાના રિપોર્ટ્સ વાઈરલ બન્યા હતા. જેના કારણે નિમરત કૌરની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફ વિષે જાણવા લાખો લોકોએ ગૂગલ સર્ચની મદદ લીધી હતી. એક્ટરમાંથી નેતા બનેલા પવન કલ્યાણ હાલ આંધ્રપ્રદેશમાં નાયબ મુખ્યમંત્રી છે. પવન કલ્યાણના મજબૂત ટેકાથી ચંદ્રાબાબુ નાયડુ મુખ્યમંત્રી પદે આરૂઢ થયાં છે. પવન કલ્યાણે દક્ષિણ ભારતની રાજનીતિમાં આશ્ચર્યજનક વળાંક લાવી દીધો છે. તિરુપતિ મંદિરના ટ્રસ્ટ અને કર્મચારીઓમાંથી બિન હિન્દુઓને દૂર કરવાના નિર્ણય અને તુષ્ટિકરણની રાજનીતિ સમે ખુલીને બોલવાની આદતના કારણે પવન કલ્યાણ સતત વિવાદમાં રહ્યા છે. આ સાથે દેશ-વિદેશમાં તેમની લોકપ્રિયતા પણ વધી છે. તેલુગુ સિનેમાના પાવર સ્ટાર કહેવાતા પવન કલ્યાણની નવી ઈનિંગ પણ પાવરફુલ રહી છે. અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીના દીકરા અકાયના નામનો અર્થ મોટાભાગના લોકોને ખબર નથી. આ શબ્દ નવો હોવાના કારણે ગૂગલ પર તેના વિષે ખૂબ સર્ચ થયુ હતું. ‘મીનિંગ’ સબ-કેટેગરીમાં અખાય શબ્દ બીજા ક્રમે હતો. ફેબ્રુઆરી મહિનામાં અનુષ્કા અને વિરાટના પરિવારમાં દીકરા અકાયનું આગમન થયું હતું. તેમણે દીકરાનું નામ જાહેર કર્યા પછી ઘણાં લોકોએ પોતાના પરિવારમાં આ નામ રાખવાનું વિચાર્યુ હશે, જેથી સર્ચ વધી ગઈ હતી. ‘ઓલ આઈઝ ઓન રફા’ પછી અકાય શબ્દ સૌથી વધુ સર્ચ થયો હતો. સંસ્કૃતમાં અકાયનો અર્થ શરીર કે આકાર વગરનું અસ્તિત્વ થાય છે. સંસ્કૃત શબ્દ કાયા પરથી તેનો ઉદભવ થયો છે.







# ઝાલોદ ખેતીવાડી બજાર સમિતિના હોલમા નગર પાલિકાની ચૂંટણી સંબંધિત સમીક્ષા બેઠક યોજાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

ઝાલોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના હોલમા આવનાર નગરપાલિકા ચૂંટણી સંબંધીત સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ગુજરાત રાજ્ય શિક્ષણ મંત્રી કુબેર ડિન્ડોર, કેબિનેટ મંત્રી બચુભાઈ ખાબડ, ધારાસભ્ય મહેશ ભૂરીયા, દાહોદ જિલ્લા કલેક્ટર નિરગુડે, પ્રાંત અધિકારી અજય ભાટીયા, મામલતદાર શૈલેન્દ્ર પરમાર, ચીફ ઓફીસર દિપસિંહ હઠીલા ઉપસ્થિત રહ્યા હતા.

આજની ચૂંટણી પૂર્વે સમીક્ષા બેઠકમાં નગરમાં સ્ટ્રીટ લાઈટ, આંગણવાડી, રોડ રસ્તા, ગેસ કનેક્શન, લાઈટના લો વોન્ટેજ, સોલાર યોજના, વિવિધ વિસ્તારોમાં બાંકડા, આર, સી.સી રોડ, સી.સી રોડ, સફાઈ જેવા પ્રશ્નોની રજૂઆત નગરના ૧ થી ૭ વોર્ડનાં ચૂંટણી લડેલા ઉમેદવારો તેમજ નગરના વિવિધ આગેવાનો દ્વારા રજુઆત કરવામાં આવી હતી. આ દરેક પ્રશ્નોનું સત્વરે નિરાકરણ કાયદાની દ્રષ્ટિએ નગરપાલિકા દ્વારા લાવવામાં આવે તેવી રજૂઆતો કરવામાં આવી હતી. શિક્ષણ મંત્રી કુબેર ડિન્ડોર, કેબિનેટ મંત્રી બચુભાઈ ખાબડ તેમજ ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા આ દરેક આવશ્યક સમસ્યાનું નિરાકરણ તાકીદે લાવવા નગરના ચીફ ઓફિસરને જણાવ્યું હતું તેમજ નગર વધુ સુંદર અને વિકાસની પ્રગતિ એ હરણફાળ ભરે તેવી કામગીરી આગામી સમયમાં કરવામાં આવનાર છે તેવું પણ શિક્ષણ મંત્રીએ કહ્યું હતું. દરેક વોર્ડની દરેક સમસ્યાઓનુ તાકીદે નિરાકરણ લાવી નગરના દરેક પ્રાથમિક જરૂરિયાતો દૂર કરવામાં આવનાર છે તેવું પણ શિક્ષણ મંત્રીએ કહ્યું હતું.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદની સ્તવ્ય સ્પાઇન હૉસ્પિટલ અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ખાતે 'ઓપન એમ.આર.આઈ.મશીન' ઉદ્‌ઘાટન



। (માહિતી) અમદાવાદ, તા.૧૩ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અમદાવાદની સ્તવ્ય સ્પાઈન હોસ્પિટલ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ખાતે 'ઓપન એમઆરઆઈ' મશીનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઓપન એમ.આર.આઈ' એ ડાયનામિટક મશીન છે. આ ઓપન એમ.આર.આઈ. મશીનની ખાસિયત એ છે કે, આમાં બેઠા-બેઠા, ઉભા-ઉભા તેમજ સુતા-સુતા એમ.આર.આઈ. થઈ શકે છે. એટલે કે જે દર્દીઓને ટર્નલ જેવી એમ.આર.આઈ.થી ડર લાગતો હોય એમના માટે આ મશીન ઉપયોગી સાબિત થશે.

આ અવસરે સ્તવ્ય સ્પાઈન હોસ્પિટલના ડાયરેક્ટર શ્રીમતિ અમિતા દવે, સ્તવ્ય સ્પાઈન હોસ્પિટલના સિનિયર સ્પાઈન સર્જન શ્રી ડૉ.ભરતભાઈ, સ્પાઈન સર્જન ડૉ. મિરાંત દવે, ફિજિયોથેરાપિસ્ટ ડૉ. આકૃતિ દવે તેમજ સિનિયર ડૉ. આર.કે પટેલ, સિનિયર ડૉ.ગિરીશ પટેલ તેમજ સ્તવ્ય હોસ્પિટલના ડોક્ટર્સ, સર્જન અને સ્ટાફ ગણ ઉપસ્થિત રહ્યા હતા.

# આજરોજ દેવગઢ બારીયા તાલુકાના સરસિયા ગામેથી નવીન બસની શરૂઆત કરવામાં આવી


તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૩ ।

માનનીય મંત્રીશ્રી બચુભાઈ ખાબડ સાહેબની રજૂઆત અન્વયે આજ રોજ દેવગઢ બારિયા તાલુકાના સરસીયા ગામેથી દેવગઢ બારિયા આવતા જતા વિદ્યાર્થીઓ અને મુસાફરોને આવવા જવા માટે નવી બસની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં ગામના આગેવાનો ઉપસ્થિત રહી બસને આવકારી હતી. ગામના સરપંચ શ્રી રાયસીંગભાઈના હસ્તે નારિયેળ વધેરી બસને પ્રસ્થાન કરાવવા માં આવ્યું હતું. એસ. ટી. વિભાગ તરફ થી બારીયા ડેપો ના લાયઝન અધિકારી વિજય રાઠવા તથા બારીયા ડેપોના ડેપો મેનેજર શ્રી શાંતિલાલ પટેલ હાજર રહ્યા હતા. બસ સવારે ૯:૦૦ વાગે સરસિયા ગામેથી ઉપડી બારીયા મુકામે ૯.૩૦ વાગે પહોંચશે. અને સાંજે બારીયા થી ૧૭.૨૫ વાગે ઉપડી સરસિયા મુકામે જશે. સરસિયા, સીગોર અને સીગેડી જેવા અંતરિયાળ ગામમાંથી મુસાફરો અને વિદ્યાર્થીઓને બસનો લાભ મળતા આનંદનું મોજુ છવાઈ જવા પામ્યું હતું.

# ઝાલોદ ખાતે ભીલ સેવા મંડળ સંચાલિત મહિલા અધ્યાપન મંદિરે ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

તારીખ ૧૧-૧૨-૨૦૨૪ બુધવારના રોજ ઝાલોદ સંસ્થા ખાતે ભીલ સેવા મંડળ સંચાલિત મહિલા અધ્યાપન મંદિરે ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ગીતા જયંતિ નિમિતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમા ઉત્સાહ પૂર્વક દરેક વિધાર્થીઓએ ભાગ લીધો હતો. સહુ પ્રથમ મહિલા અધ્યાપન મંદિરના આચાર્ય દ્વારા દિપ પ્રજ્વલિત કરી પૂજા અર્ચન કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.



સહુ પ્રથમ બાળકોને ગીતાનું મહત્વ સમજાવતા હિન્દુ ધર્મની પવિત્ર ગીતાનું પૂજન ઉપસ્થિત સહુ આચાર્યગણ તેમજ બાળકોએ કર્યું હતું ત્યારબાદ પવિત્ર ગીતા શું છે અને જીવનમાં તેનું શું મહત્વ છે તેના વિશે દરેક બાળકોને સમજ આપવામાં આવી હતી. ગીતા જયંતિના પવિત્ર દિવસે ગીતા પૂજન, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, શ્લોક પઠન જેવા પ્રોગ્રામોનુ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં સંસ્થાના આચાર્ય, સ્ટાફ તેમજ તાલીમાર્થી બહેનો ઉત્સાહભેર ભાગ લઈ પ્રોગ્રામ સફળ બનાવ્યો હતો.

# આઈ.સી.એ.આર.- ન્યુ દિલ્હીના વૈજ્ઞાનિક દેડિયાપાડા કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે



। (માહિતી) નર્મદા, તા.૧૩ ।

નર્મદા જિલ્લાના દેડિયાપાડા સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર આઈ.સી.એ.આર. દ્વારા પુરસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી-ના કુલપતિશ્રી ડૉ.ઝેડ.પી.પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યરત છે. તા.૧૨/૧૨/૨૦૨૪ને ગુરૂવારના રોજ આઈ.સી.એ.આર.ના વૈજ્ઞાનિક ડૉ.પી.એસ.બ્રામ્હણે, સી.એફ.મુંબઈ દ્વારા કે.વી.કે દેડીયાપાડાની મુલાકાત લીધી હતી. આ મુલાકાત અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિવિધ નિદર્શન એકમો - નેચરલ ફાર્મિંગ યુનિટ, એઝોલા, મત્સ્યપાલન, બકરા સંવર્ધન એકમ, મિશ્ર ફળપાક બગીચો, પોષણ વાટિકા, ફાર્મ પોન્ડ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ વગેરેની મુલાકાત લઈ કામગીરીથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. આ ઉપરાંત ઈન્સટ્રક્શનલ ફાર્મ તેમજ મિલેટ પ્રોસેસિંગનું પણ નિદર્શન નિહાળ્યું હતું. સમગ્ર મુલાકાત દરમિયાન કે.વી.કે. દેડિયાપાડાના વડા ડૉ. એચ.યુ.વ્યાસ તેમજ આદિવાસી મહિલા તાલીમ કેન્દ્રના ઈન્ચાર્જ ડૉ.વી.કે.પોશિયા અને સમગ્ર કે.વી.કે.નો સ્ટાફ જોડાયો હતો.

# શ્રી કે. આર. દેસાઈ આર્ટ્‌સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદની વિદ્યાર્થિનીને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા (વિંઝોલ) ખાતે કુલધ્યક્ષ તથા રાજ્યપાલ સન્માનનીય મહામહિમ આચાર્ય દેવવ્રતજીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ છઠ્ઠા દીક્ષાંત સમારોહમાં શ્રી કે. આર. દેસાઈ આર્ટ્‌સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદની વિદ્યાર્થિની સરસ્વતીબેન નટવરભાઈ હરિજનને હિન્દી વિષયનો સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.



ઝાલોદ કોલેજના ઈતિહાસમાં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી શરૂ થઈ ત્યારથી સૌ પ્રથમવાર આ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હોવાથી સમગ્ર કોલેજ પરિવારે હર્ષ અને ગૌરવની લાગણી અનુભવી હતી. કૉલેજના આચાર્ય શ્રી ડો.આશિષ મોદી સાહેબે તથા સંચાલક મંડળના હોદ્દેદારો શ્રી એસ. આર.રાવ સાહેબ તેમજ શ્રી ડૉ. પી. એમ. પટેલ સાહેબે પણ અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત હિન્દી વિભાગના અધ્યક્ષ ડો. વાય. પી. ઝાલા સહિત તમામ કૉલેજ પરિવારના સંભ્યોએ સરસ્વતીને હાર્દિક શુભેચ્છાઓ અને અભિનદન પાઠવ્યા હતા.

# ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલે આહવાની આશ્રમ શાળા ખાતે થી "મુખ્યમંત્રી પૌષ્ટીક અલ્પાહાર" યોજનાનો શુભારંભ કરાવ્યો

### શાળાઓમાં મિલેટસ - શીંગદાણાની સુખડી - ચણા - ચાટ - મીક્સ કઠોળ ચાટ સહિતનો નાસ્તો આપવામાં આવશે

। (માહિતી) ડાંગ, તા.૧૩ ।




શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા. ૩૦/૧૧/૨૦૨૪ના ઠરાવથી રાજય સરકાર દ્વારા "મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર" યોજના હેઠળ સરકારી અને ગ્રાંટ-ઈન-એઈડ પ્રાથમિક શાળાઓના બાલવાટીકાથી ધોરણ-૮ સુધીના વિદ્યાર્થીઓને પીએમ પોષણ યોજનાના બપોરના ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર આપવા માટે નિર્ણય કરવામાં આવ્યો છે, ત્યારે ડાંગ જિલ્લામાં આશ્રમ શાળા આહવા ખાતે તારીખ ૧૧ ડિસેમ્બરના રોજ કલેકટર શ્રી મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને આ યોજનાના શુભારંભ કરાવ્યો હતો. જ્યારે મામલતદાર, પી.એમ.પોષણ યોજના, ડાંગનાઓ દ્વારા પ્રાથમિક શાળા-મહાલપાડા, મામલતદાર-વઘઈ દ્વારા વઘઈ તાલુકા શાળા ખાતે, મામલતદાર-સુબીર દ્વારા પ્રાથમિક શાળા-કાંગર્યામાળ ખાતે અને મામલતદાર-આહવા દ્વારા પ્રાથમિક શાળા-કોટબા ખાતે હાજર રહી "મુખ્યમંત્રી પૌષ્ટીક અલ્પાહાર" યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ યોજનામાં રાજ્ય સરકાર દ્વારા નિયત થયેલ મેનુ મુજબ વિદ્યાર્થીઓને સોમવાર, બુધવાર અને શનિવાર માટે સુખડી (ખાંડેલા સીંગદાણા સહિત) ની (ઘઉં અથવા નાગલી) અને મંગળવાર, ગુરુવાર, શુક્રવાર માટે ચણા ચાટ/મિક્ષ કઠોળ ચાટ (સીંગદાણા સહિત) આપવાનું નક્કી કરવામાં આવેલ છે. જેમાં ડાંગ જિલ્લામાં આવેલ કુલ ૩૭૭ પી.એમ.પોષણ યોજના હેઠળ આવરી લેવાયેલ શાળાઓમાં તા.૧૧/૧૨/૨૦૨૪ ને બુધવારના રોજથી "મુખ્યમંત્રી પૌષ્ટીક અલ્પાહાર" યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો છે. જેમાં સરકારી અને ગ્રાંટ-ઈન-એઈડ પ્રાથમિક શાળાઓના બાલવાટિકાના ૨૭૪૦ વિદ્યાર્થીઓ, ધોરણ ૧ થી ૫ ના ૧૫૨૧૫ વિદ્યાર્થીઓ અને ધોરણ ૬ થી ૮ ના ૮૨૬૫ એમ કુલ ૨૬૨૨૦ વિદ્યાર્થિઓએ "મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર" યોજના હેઠળ સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ છે.

# સુરત ૧૦૮ ઈમરજન્સી સેવા માનવ જીવન માટે બની જીવન સંજીવની

। (માહિતી) સુરત, તા.૧૩ ।

રાજ્યમાં મેડિકલ ઈમરજન્સીને પહોંચી વળવા ૧૦૮ ઈમરજન્સી સેવા માનવ જીવન માટે જીવાદોરી બની છે. ઓલપાડ તાલુકાના કંણભી પારડી ગામની છ માસની સગર્ભા મહિલાને સાપે ડંખ માર્યો હોવાની માહિતી મળતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ તાત્કાલિક સારવાર અર્થે પહોચીને મહિલાને હોસ્પિટલ પહોંચાડીને એક સાથે બે જીદગીને ઉગારી છે.

સુરતની ૧૦૮ સેવાના જિલ્લા પ્રોગ્રામ મેનેજર અભિષેકઠાકરઅનેટેરીટરીઈન્ચાર્જઅજયેજણાવ્યું હતું કે, ગત રાત્રે રાંદેર ૧૦૮ની ટીમને ઓલપાડ તાલુકાના કંણભી પારડી ગામ ખાતે એક મહિલાને સ્નેક બાઈટ થયાનો કોલ મળ્યો હતો. કોલ મુજબ રાંદેર ૧૦૮ ટીમ ગણતરીની મિનિટોમાં જ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી ત્યાં જઈને EMT શબ્બીર બેલીમએ તપાસ કરતા ૨૨ વર્ષીય મહિલાને જમણા પગે સાપે ડંખ માર્યો હોવાનું જાણવા મળ્યું હતું. જેમને ૬ મહિનાની સગર્ભા છે. એટલે તાત્કાલિક એમ્બ્યુલન્સમાં પ્રાથમિક સારવાર શરૂ કરી. EMT શબ્બીરે વધુમાં જણાવ્યું હતું કે, પ્રાથમિક સારવારમાં દર્દીનું બ્લડ પ્રેસર ખૂબ જ ઓછું હોવાનું નિદાન થયું હતું. સાથે શ્વાસ લેવામાં પણ ઘણી તકલીફ થતી હોવાના કારણે પરિવારજનો ખૂબ જ ચિંતામાં મુકાઈ ગયા હતા. ત્યારે ૧૦૮ની ટીમે પરિવારને આશ્વાસન આપી હિમ્મત આપીને જરૂરી પ્રાથમિક સારવાર શરૂ કરી.ઓક્સિજન આપી સાયણની પ્રાઈવેટ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ ગયા હતા. પરંતુ દર્દીની હાલત ગંભીર હોવાથી ફરજ પરના તબીબે વધુ સારવાર અર્થે તાત્કાલિક સુરત નવી સિવિલ હોસ્પિટલમાં શિફ્ટ થવા જણાવ્યું હતું. દર્દી મૂળ ડાંગ જિલ્લાના રહેવાસી છે અને ઓલપાડ ખાતે શેરડી કાપણીનું કામ કરે છે. દર્દીના પતિએ જણાવ્યું કે, અમે ખૂબ જ ચિંતામાં મુકાયા હતા. મારી પત્ની સગર્ભા છે. મારું ૨ વર્ષનું નાનું બાળક પણ છે. એકા એકા સાપે ડંખ માર્યો હોવાનું જાણવા મળતા એક સમયે શું કરવું કંઈ ખબર જ ન રહી. પરંતુ રાજ્ય સરકારની ઈમરજન્સી ૧૦૮ સેવાની સેવાએ અમારી પરિવારની બે જીદંગી બચાવી લીધી છે.

# અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના રાજ્યમંત્રીશ્રી અને નર્મદા જિલ્લા પ્રભારી મંત્રીશ્રી ભિખૂસિંહજી પરમારની અધ્યક્ષતામાં જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ

। (માહિતી) નર્મદા, તા.૧૩ ।

ગુજરાત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રાજ્યમંત્રીશ્રી અને નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ભિખુસિંહજી પરમારની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે ન્યૂ ગુજરાત પેટર્ન યોજનાના કામોની સમીક્ષા અર્થે બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન પ્રાયોજના વહીવટદારશ્રી હનુલ ચૌધરીએ કચેરી હસ્તકના અને જિલ્લાના વિવિધ વિભાગોના ૨૨ હેડમાં નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં હાથ ધરાયેલા જનસુખા-કારીના વિકાસ કામો પૈકી પૂર્ણ થયેલા અને પ્રગતિ હેઠળના કામોની વિસ્તૃતમાં પ્રેઝન્ટેશનના માધ્યમથી ચર્ચા કરવામાં આવી હતી. જેમાં કુલ રૂપિયા ૧૭.૬૬ કરોડના ૭૫૦ કામો પૈકી ૬૨૦ કામો પૂર્ણ કરવામાં આવ્યા હતા જ્યારે ૧૩૦ કામો પ્રગતિહેઠળના છે. આ વિકાસ કામોમાં ૩૬૨૫ લાભાર્થીઓને સમાવી લેવામાં આવ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધનની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે? બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. વ્યાજબી રહેવાનો પ્રયાસ કરજો ખાસ કરીને એવા લોકો સાથે જેઓ તમને પ્રેમ કરે છે અને તમારી દરકાર કરે છે. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. પ્રેમ પ્રવાસ મધુર પણ ટૂંકી આવરદાનો.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો?



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. આજે તમારા પ્રિયપાત્રને માફ કરવાનું ભૂલશો નહીં.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ક્ષણિક આવેગમાં આવી જઈ આર્થિક બાબતોનો નિર્ણય લેશો નહીં, આવું કરવાથી તમારા બાળકોના હિતોનું નુકસાન થઈ શકે છે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે? મિત્રો તમને સહકાર આપ નારા જણાશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? પરિવારના સભ્યો તમારા મત સાથે સહમત થશે. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો દિવસ નથી. ચાલતી વખતે તમારે વધારે સાવચેતી રાખવી જોઈએ. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. તાણભર્યો સમય પ્રવર્તશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી. આપણે જે બાબતને બદલી નથી શકવાના તેને તે જેમ છે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે ઘરનું ટેન્શન તમને ગુસ્સે કરશે.તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેરાન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દૃઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે.








નવી દિલ્હીમાં સંસદ ભવન ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૦૧ના સંસદ પર આતંકવાદી હુમલા દરમિયાન તેમના જીવનનું બલિદાન આપનારા શહીદોને શ્રદ્ધાંજલિ આપી.

**ન્યૂઝ બ્રિફ**

## ટેસ્ટ રેન્કિંગમાં રૂટને ખસેડીને બ્રુક શ્રેષ્ઠ બેટ્સમેન

। (એજન્સી) દુબઈ, તા.૧૩ ।

ઈંગ્લેન્ડના ક્લાસિક બેટ્સમેન જો રૂટ પાસેથી તેના જ ટીમના સાથી હેરી બ્રુકે તાજેતરમાં આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં શ્રેષ્ઠ બેટ્સમેનો તાજ મેળવ્યો છે. ભારતીય ઝડપી બોલર જસપ્રિત બુમરાહ ટેસ્ટમાં બોલર્સ રેન્કિંગમાં ટોચના સ્થાને યથાવત છે. ગત સપ્તાહે ન્યૂઝીલેન્ડ સામે વેલિંગ્ટનમાં રમાયેલી ટેસ્ટમાં હેરી બ્રુકે ટેસ્ટ કારકિર્દીની આઠમી સદી ફટકારી હતી અને તે સાથી રૂટને પાછળ છોડીને ટેસ્ટમાં મોખરાનો બેટ્સમેન બન્યો હતો. ૨૫ વર્ષીય બ્રુક હાલમાં ૮૯૮ રેટિંગ પોઈન્ટ્સ સાથે આઈસીસી ટેસ્ટ બેટ્સમેનની યાદીમાં સૌથી આગળ છે. ત્યારબાદ ઈંગ્લેન્ડનો જો રૂટ છે જે ફક્ત એક પોઈન્ટ જ પાછળ છે. બ્રુકે આ સાથે સર્વકાલિન ૩૪માં સર્વોચ્ચ રેટિંગ્સ સાથે ભારતના મહાન બેટ્સમેન સચિન તેંડુલકરની બરોબરી કરી હતી. જો રૂટ ચાલુ વર્ષે જુલાઈથી ટોચના બેટ્સમેન તરીકેનું સ્થાન ધરાવતો હતો. તે ન્યૂઝીલેન્ડના કેન વિલિયમ્સન બાદ આ સ્થાને પહોંચ્યો હતો. ન્યૂઝીલેન્ડ સામે ટેસ્ટમાં બ્રુકે અનુક્રમે ૧૨૩ અને ૫૫ રનની ઈનિંગ્સ રમી હતી જ્યારે આ જ ટેસ્ટમાં રૂટે ત્રણ અને ૧૦૬ રન કર્યા હતા.

## ચાર ભારતવંશી સહિત ૧૫૦૦ લોકોની સજા ‘માફ’ કરી!

। (એજન્સી) વોશિગ્ટન, તા.૧૩ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનનો કાર્યકાળ આગામી જાન્યુઆરીમાં સમાપ્ત થઈ રહ્યો છે. પરંતુ જતાં જતાં તેઓ અનેક મોટા નિર્ણયો લેવામાં વ્યસ્ત છે. હવે તેમણે અમેરિકાની જેલોમાં કેદ ૧૫૦૦ જેટલાં કેદીઓની સજા ઘટાડવા કે માફ કરવાનો નિર્ણય લીધો છે. જેમાંથી ચાર તો ભારતીય મૂળના અમેરિકન છે. રાષ્ટ્રપતિ બાઈડેને એક નિવેદનમાં કહ્યું કે અમેરિકા સંભાવના અને બીજી તક આપવાના વાયદાના વળાંકે ઊભું છે. રાષ્ટ્રપતિ હોવાને લીધે મારી પાસે આવા લોકોને માફ કરવાનો વિશેષાધિકાર છે કે જેમને તેમના કરેલા કૃત્યો માટે પસ્તાવો અને દુઃખ છે અને જેઓ અમેરિકન સમાજના મુખ્ય પ્રવાહમાં પાછા ફરવા માંગે છે. તેમાં ખાસ કરીને ડ્રગ્સના કેસમાં દોષિત ઠરેલા લોકોનો સમાવેશ થાય છે.બાઈડેને કહ્યું કે એટલા માટે આજે હું આવા ૩૯ લોકોની સજા માફ કરી રહ્યો છું અને લગભગ ૧૫૦૦ લોકોની સજા ઘટાડી રહ્યો છું. એમાં એવા લોકોની સંખ્યા વધારે હશે જેમની સજા ઘટી જશે.

### રિપોર્ટમાં ચોંકાવનારો દાવો કરાયો

# ભારતમાં જીવલેણ પ્રદૂષણ દાયકામાં ૩૮ લાખ જેટલા લોકોને ભરખી ગયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ભારતમાં હવામાં રહેલા પીએમ ૨.૫ કણની માત્રા વધતા મૃત્યુદરમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. લાંબા સમય સુધી પ્રદૂષિત હવાના સંપર્કમાં રહેવાથી ભારતમાં લાખો લોકો જીવ ગુમાવી રહ્યા છે. આ બાબતનો ઘટસ્ફોટ સ્વિડનની કેરોલિન્સ્કા ઈન્સ્ટિટ્યૂટના સંશોધનમાં કરાયો છે. આ રિપોર્ટ મુજબ ભારતમાં વર્ષ ૨૦૦૯થી ૨૦૧૯ સુધીમાં હવાના પ્રદૂષણના કારણે ૩૮ લાખ લોકોનાં મોત થયા હતા. સ્વિડનની કેરાલિન્સ્કા ઈન્સ્ટિટ્યૂટનું આ સંશોધન લેન્સેટ પ્લેનેટરી હેલ્થમાં પણ પ્રકાશિત થયું છે. સંશોધનમાં જણાવાયું છે



કે વાયુ પ્રદૂષણ સંબંધિત મોતનો આંકડો ૨૦૦૯માં ૪૫ લાખથી વધીને ૨૦૧૯માં ૭૩ લાખ થઈ ગયો હતો. આ સંશોધનમાં ભારતમાં હવાની ગુણવત્તા સંબંધિત નિયમો અંગે આકરું વલણ અપનાવવાની માગ કરાઈ છે. આ રિસર્ચ પીએમ ૨.૫ નામના નાના વાયુ પ્રદૂષણના કણો પર આધારિત છે. આ કણ ફેફસાં અને બ્લડ સ્ટ્રીમમાં ઊંડે સુધી જઈ શકે છે, જેનાથી સ્વાસ્થ્ય સંબંધિત ગંભીર સમસ્યાઓ સર્જાવાની સંભાવના છે. વર્ષ ૨૦૦૯થી ૨૦૧૯ના સમયગાળા વચ્ચે ભારતના ૬૫૫ જિલ્લાના ડેટાના આધારે આ સંશોધન કરાયું છે, જેમાં પીએમ ૨.૫ના સ્તરને મૃત્યુ દર સાથે જોડવામાં આવ્યો છે. સંશોધનમાં જણાયું છે કે પીએમ ૨.૫ના સ્તરમાં પ્રતિ ક્યુબિક મીટર ૧૦ માઈક્રોગ્રામ વધારો થાય છે ત્યારે મૃત્યુદર પણ ૮.૬ ટકા વધી જાય છે. સંશોધનમાં જણાવાયું છે કે દેશની ૧.૧ અબજ વસતી અંદાજે ૮૨ ટકા લોકો એવા વિસ્તારોમાં રહે છે જ્યાં પીએમ ૨.૫ સ્તર ભારતના રાષ્ટ્રીય પર્યાવરણ ગુણવત્તા માપદંડ કરતાં પણ વધુ છે.

### ગેસ સિલિન્ડરો ભરેલી ટ્રક કાફલામાં જોડાઈ

# મુખ્યમંત્રી ભજનલાલ બાદ ઉપ રાષ્ટ્રપતિની સુરક્ષામાં મોટી ચૂક!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

રાજસ્થાનનાજયપુરમાંમુખ્યમંત્રી ભજન લાલ શર્માના કાફલામાં થયેલા અકસ્માત બાદ ઉપાધ્યક્ષ જગદીપ ધનખરની સુરક્ષામાં પણ મોટી ખામીનો મામલો સામે આવ્યો છે. એરપોર્ટ પરત ફરતી વખતે ગેસ સિલિન્ડરોથી ભરેલી ટ્રક અચાનક ઉપરાષ્ટ્રપતિના કાફલામાં ઘુસી ગઈ હતી.ટ્રક કાફલા સાથે આગળ વધતી રહી, જેને જોઈને ટ્રાફિક પોલીસવાળા પણ આશ્ચર્યચકિત થઈ ગયા. સદનસીબે કોઈપણ પ્રકારનો અકસ્માત સર્જાયો ન હતો. તમને જણાવી દઈએ કે લગભગ એક કલાક પહેલા, આ ચોક પર, એક ASI સહિત ૨ લોકો માર્યા ગયા હતા



અને ૪ પોલીસકર્મીઓ સહિત ૬ લોકો ઘાયલ થયા હતા જ્યારે એક કાર મુખ્યમંત્રીના કાફલા પર ઘૂસી ગઈ હતી.આ ઘટના બુધવારે સાંજે ૪.૧૦ વાગ્યાની આસપાસ બની હતી, જ્યારે ઉપાધ્યક્ષ જગદીપ ધનકર લઘુ ઉદ્યોગ ભારતીના સોહન સિંહ સ્મૃતિ કૌશલ્ય વિકાસ કેન્દ્રના ઉદ્ઘાટન કાર્યક્રમ બાદ એરપોર્ટ પરત ફરી રહ્યા હતા. ત્યારે જ કાફલો સીતાપુરાથી જગતપુરાના અક્ષયપાત્ર સર્કલ પાસે આવી રહ્યો હતો. તે દરમિયાન સીતાપુરા તરફથી આવી રહેલી ગેસ સિલિન્ડર ભરેલી ટ્રક કાફલામાં ઘૂસી ગઈ હતી. ટ્રક કાફલા સાથે ધીમી ગતિએ આગળ વધી રહી હતી. ટ્રાફિક પોલીસકર્મીએ પણ ટ્રકને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં કાફલો તેજ ગતિએ ત્યાંથી પસાર થયો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેવા જઈ રહ્યા હતા ત્યારે બપોરે લગભગ ૩ વાગ્યાની આસપાસ સીએમ ભજનલાલ શર્માના કાફલાના બે વાહનોને એક ટેક્સીએ જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત બાદ મુખ્યમંત્રી પોતે પોતાની કારમાં ઘાયલોને હોસ્પિટલ લઈ ગયા હતા.

### કેનેડામાં વધુ એક નિયમ બદલાયો

# જોબ ડિમાન્ડ હશે તો જ PG સ્ટુડન્ટને વર્કપરમિટ

### વિદ્યાર્થીઓએ હવે જે સેક્ટરમાં કાર્યકુશળ કારીગરોની ડિમાન્ડ હોય તેને લગતા જ કોર્સ કરવા પડશે

। (એજન્સી) કેનેડા, તા.૧૩ ।

કેનેડાની સરકારે ફરી એકવાર સ્ટુડન્ટ્સ વિઝાની નીતિમાં ફેરફાર કર્યો છે. પોસ્ટ ગ્રેજ્યુએટ વર્ક પરમિટ માટે અરજી કરનાર પોસ્ટ ગ્રેજ્યુએટ થયા પછી તેની લાયકાત પ્રમાણેના જોબની જરૂરિયાત હશે તો જ તેમને વર્ક પરમિટ આપવામાં આવશે. કેનેડા સરકારના આ નિર્ણયની ગુજરાત અને ભારતથી કેનેડા અભ્યાસ કરવા માટે ગયેલા અને પોસ્ટ ગ્રેજ્યુએટ્સનો કોર્સ કરી રહેલા ૨૩ ટકા વિદ્યાર્થીઓ પર અસર પડશે. પોસ્ટ ગ્રેજ્યુએટ થઈને કોઈ વિદ્યાર્થી બહાર નીકળે ત્યારે તેની સ્કીલ પ્રમાણેના જોબને ઓક્યુપેશન ડિમાન્ડ લિસ્ટમાંથી જ કાઢી નાખીને તેમની હાલાકી વધારી દે તેવી સંભાવના વધી ગઈ છે.પોસ્ટ ગ્રેજ્યુએટ થયા પછી જોબ મળી જ જશે તેવી નિશ્ચિતતાનો આ સાથે જ છેદ ઊડી જશે એમ જણાવતા કેનેડાના વિઝાના એક્સપર્ટ્સ પંકજ પટેલ કહે છે કે ‘આ સંજોગોમાં લાખોની ફી ખર્ચીને પોસ્ટ ગ્રેજ્યુએટ થઈને જોબ માર્કેટમાં એન્ટ્રી લેશે. ત્યારે તેની કાર્યકુશળતા પ્રમાણેનો જોબની ડિમાન્ડ જન હોવાનું જણાવીને તેમને



જોબથી અને વર્કપરમિટથી વંચિત કરી દેવાની નીતિ કેનેડાની સરકાર અપનાવી રહી છે. હા, પી.એચડી. કરનારા વિદ્યાર્થીઓને જોબમળી શકશે. પરંતુ તેઓ નવા નક્કી કરેલા ધોરણો મુજબ પાત્રતા ધરાવતા હોવા જોઈએ.’ઓસ્ટ્રેલિયાની સરકાર ૨૦૧૧ની સાલથી આ નીતિ અપનાવતી આવી છે. પરિણામે ઓસ્ટ્રેલિયા અભ્યાસ માટે જઈને કાયમી નિવાસી તરીકેનો દરજ્જો હાંસલ કરવા માગતા વિદ્યાર્થીઓને કાયમી નિવાસીનું સ્ટેટસ મળતા સાતથી આઠ વર્ષ જેટલો સમય લાગી જાય છે. હવે કેનેડા ભણવા જનારા વિદ્યાર્થીઓએ પણ કાયમી નિવાસીનું સ્ટેટસ મેળવવા માટે ૮થી વધુ વર્ષ સુધી રાહ જોવાની નોબત આવી શકે છે. સરકારને કરેલી નવી જોગવાઈને કારણે કેનેડા અભ્યાસ કરીને સેટલ થવા માટે જવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ જે સેક્ટરમાં કાર્યકુશળ કારીગરોની ડિમાન્ડ હોય તે જ સેક્ટરના કોર્સનો અભ્યાસ કરવાની ફરજ પડશે. વરસોથી ડિપ્લોમા કે પછી ચોક્કસ પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સમાં એડમિશન લઈને વર્ક પરમિટ મેળવી લેવાની વ્યવસ્થા પર પડદો પડી રહ્યો છે. શ્રમિકોના બજારમાં ડિમાન્ડ હોય તેવી જકુશળત ડેવલપ કરી આપતા કોર્સ પસંદ કરવા પડશે. કેનેડાની સરકારના નવા નિર્ણયને પરિણામે કેનેડાની કોલેજોમાં અભ્યાસ કરીને કેનેડામાં જ સેટલ થવા માગતા વિદ્યાર્થી પર અવળી અસર પડશે. તેમને નોકરી મળશે નહીં. તેની સાથે જ વિદેશી વિદ્યાર્થીઓને નિશ્ચિત અભ્યાસ કરવા માટે એડમિશન આપીને પોસ્ટ ગ્રેજ્યુએટ્સ વિદ્યાર્થીઓ થકી સારી કમાણી કરતી કોલેજોની આવકમાં ઘટાડો થશે. તેમને ઓક્યુપેશન ડિમાન્ડ પ્રમાણેના નવા કોર્સ ચાલુ કરવાની ફર પડશે.

# દિલ્હીની છ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩।

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીની ઘણી શાળાઓમાં એક વખત બોમ્બની ધમકી મળી છે. માહિતી અનુસાર, ભટનાગર પબ્લિક સ્કૂલ, પશ્ચિમ વિહાર, કેમ્બ્રિજ સ્કૂલ શ્રી નિવાસપુરી, ડીપીએસ ઈસ્ટ ઓફ કૈલાશ, દક્ષિણ દિલ્હી પબ્લિક સ્કૂલ ડિફેન્સ કોલોની, દિલ્હી પોલીસ પબ્લિક સ્કૂલ સફદરજંગ એન્ક્લેવ અને વેંકટેશ પબ્લિક સ્કૂલ રોહિણીમાં ફોન પર ધમકીઓ મળી છે. શાળાઓએ આજે વાલીઓને તેમના બાળકોને શાળાએ ન મોકલવા



સંદેશો આપ્યો છે. મળતી માહિતી મુજબ સવારે સાડા ચાર વાગ્યે બોમ્બની ધમકીનો પહેલો કોલ આવ્યો હતો. આ પછી, શાળાઓને એક ઈમેઈલ મોકલવામાં આવ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે ત્યાં બોમ્બ મૂકવામાં આવ્યા છે અને ટૂંક સમયમાં તેને વિસ્ફોટ કરવામાં આવશે. જો કે પોલીસ તપાસમાં હજુ સુધી કાઈ મળ્યું નથી. એક શાળા દ્વારા મળેલા ધમકી ભર્યા ઈમેલમાં કહેવામાં આવ્યું છે કે તમારી શાળાના પરિસરમાં ઘણા વિસ્ફોટકો મૂકવામાં આવ્યા છે અને મને ખાતરી છે કે તમે બધા શાળાના પરિસરમાં પ્રવેશતી વખતે વારંવાર તમારા વિદ્યાર્થીઓની બેગની તપાસ કરશો નહીં. બોમ્બ ઈમારતોને નષ્ટ કરવા અને લોકોને નુકસાન પહોંચાડવા માટે પૂરતો શક્તિશાળી છે. ધમકી આપનાર વ્યક્તિએ ઈમેલમાં લખ્યું છે કે અમને જાણવા મળ્યું છે કે શાળામાં શુક્રવાર અને શનિવારે પીટીએમ યોજાવા જઈ રહ્યું છે. આ દરમિયાન વાલીઓ અને શિક્ષકો ઉપરાંત બાળકો પણ હાજર રહેશે. બોમ્બ બ્લાસ્ટ માટે આ સારી તક હશે. ૧૩ ડિસેમ્બર ૨૦૨૪ અને ૧૪ ડિસેમ્બર ૨૦૨૪ એ તમારી શાળાએ બોમ્બ વિસ્ફોટનો સામનો કરવો પડશે. ધમકીભર્યા ઈમેલમાં લખવામાં આવ્યું છે કે સ્કૂલમાં બોમ્બ મુકવામાં આવ્યા છે અને ૧૩ અને ૧૪ ડિસેમ્બરે બ્લાસ્ટ કરવામાં આવશે. અમારી માંગણીઓ સંદર્ભે આ ઈમેલનો જવાબ આપો, નહીંતર બોમ્બ વિસ્ફોટ કરવામાં આવશે.અગાઉ દિલ્હીની ૪૦ થી વધુ શાળાઓને ૮ ડિસેમ્બરે રાત્રે ૧૧:૩૮ વાગ્યે સમાન ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો. જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમના કેમ્પસમાં બોમ્બ મુકવામાં આવ્યા હતા. મેલમાં કહેવામાં આવ્યું હતું કે જો બોમ્બ વિસ્ફોટ થશે તો મોટું નુકસાન થશે. મેલ મોકલનારએ બ્લાસ્ટ રોકવાના બદલામાં ૩૦ હજાર ડોલરની માંગણી કરી હતી. જો કે પાછળથી તપાસમાં આ ફેક મેલ હોવાની જાણ થઈ હતી.

**ફિલ્મના પોસ્ટર ફાડ્યા, પથ્થરમારો કર્યો**

## JNUમાં ‘ધ સાબરમતી રિપોર્ટ’ ફિલ્મ પર હોબાળો

### સેંકડો વિદ્યાર્થીઓ ફિલ્મ જોઈ રહ્યા હતા ત્યારે તેમના પર પથ્થરમારો થયો, અનેકને ઈજા




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU)માં ગુરુવારે ‘ધ સાબરમતી રિપોર્ટ’ ફિલ્મના પ્રદર્શનને લઈને ભારે હોબાળો મચ્યો હતો. સ્ક્રીનિંગ દરમિયાન ફિલ્મના પોસ્ટરો ફાડવામાં આવ્યા અને પથ્થરમારો થયો હતો. આ મામલે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) એ દાવો કર્યો કે, JNU કેમ્પસમાં મૂવીના સ્ક્રીનિંગ દરમિયાન બહારથી તેમના પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જેમાં કેટલાક વિદ્યાર્થીઓ ઘાયલ થયા જ્યારે કેટલાક વિદ્યાર્થીઓને સામાન્ય ઈજાઓ થઈ છે. JNUની AVBP વિંગના પ્રમુખ રાજેશ્વરકાંત દુબેએ જણાવ્યું હતું કે, ઘટનાને પગલે સ્ક્રીનિંગ અટકાવી દેવામાં આવ્યું હતું, પરંતુ થોડા સમય પછી તે ફરી શરૂ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, ગુરુવારે સાંજે સેંકડો વિદ્યાર્થીઓ ફિલ્મ જોઈ રહ્યા હતા ત્યારે કેટલાક લોકોએ તેમના પર પથ્થરમારો શરૂ કર્યો હતો. જો કે, આ મામલે યુનિવર્સિટી વહીવટીતંત્ર અથવા વિદ્યાર્થી સંઘ તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. ABVPએ દાવો કર્યો કે, ડાબેરી સંગઠનોના કેટલાક વિદ્યાર્થીઓ પથ્થરબાજીમાં સામેલ હતા. દુબેએ જણાવ્યું હતું કે, અમે યુનિવર્સિટી વહીવટીતંત્રને ઔપચારિક ફરિયાદ સબમિટ કરી છે અને તેને દિલ્હી પોલીસને પણ સોંપીશું. ABVPએ એક નિવેદનમાં આ ઘટનાને “ભારત વિરોધી” અને “હિંદુ વિરોધી” ગણાવીને તેની નિંદા કરી છે. આ સાથે જણાવ્યું કે, સાબરમતી રિપોર્ટનું સ્ક્રીનિંગ સત્યને ઉજાગર કરવા માટે કરાયું હતું. જો કે, આ ઘટના અમારા કેમ્પસમાં અમુક ભારત વિરોધી, હિંદુ વિરોધી શક્તિઓની અસહિષ્ણુતા અને અસુરક્ષા દર્શાવે છે, જેઓ ધર્મ, સચ્ચાઈ અને સત્યના પુનરુત્થાનનો ડર રાખે છે.

## ન્યૂઝ બ્રિફ

### ગાંધીનગરની સંસ્થાએ અમિતાભ બચ્ચનને 'હેપ્પી ચકલી ઘર'ની ભેટ આપી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૩ ।

ગાંધીનગર અમિતાભ બચ્ચન ફેન ક્લબના પ્રમુખ એડવોકેટ દિલીપસિંહ બિહોલા તા. ૨૫મી નવેમ્બરે મુંબઈ ખાતે "કૌન બનેગા કરોડપતિ"ના શૂટિંગમાં પ્રેક્ષક તરીકે સામેલ થયાં હતા અને તેમની સાથે ગાંધીનગરની સંસ્થા હેપ્પી યુથ ક્લબના સ્થાપક પ્રમુખ સમીર રામી અને ઉપપ્રમુખ ભાવના રામી પણ જોડાયાં હતા. આ બંનેએ તેમની સંસ્થાની ચકલી બચવવાના અભિયાનની પર્યાવરણીય પહેલના ઓળખ સમુ "હેપ્પી ચકલી ઘર" અમિતાભ બચ્ચનને ભેટ આપ્યુ હતું. બચ્ચને "હેપ્પી ચકલી ઘર" અંગે રસ દાખવી સમીર રામી પાસેથી પ્રોજેક્ટ અંગે સઘન જાણકારી મેળવી સંસ્થાના સેવાકાર્યને બિરદાવ્યું હતું.

### ૧૫-૧૬ ડિસેમ્બરના રોજ આદરજ મોટી રેલવે યાર્ડ સ્થિત રેલવે ફાટક નં. ૭ બંધ રહેશે

। અમદાવાદ, તા.૧૩ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર આદરજ મોટી-વિજાપુર રેલવે લાઈન ગેજ રૂપાંતરણ પરિયોજનાનું કામ ચાલી રહ્યું છે. આ પરિયોજના હેઠળ આદરજ મોટી રેલવે યાર્ડમાં આવેલ રેલવે ફાટક નં. ૭ પર નવી રેલવે ટ્રેક લિંકિંગનું કામ કરવાનું પ્રસ્તાવિત છે. તે મુજબ આદરજ મોટી યાર્ડમાં આવેલ રેલવે ફાટક નં. ૦૭, તારીખ ૧૫ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ રાત્રે ૨૨.૦૦ કલાકથી ૧૬ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ સવારે ૧૦.૦૦ કલાક સુધી (૧૨ કલાક) અવરજવર માટે બંધ રહેશે. રોડ ઉપયોગકર્તા આ સમયગાળા દરમિયાન રેલવે ક્રોસિંગ નંબર ૬ થી અવરજવર કરી શકે છે.

**નકલી ઈડીની ટીમને લઈને તાજેતરમાં મોટો ખુલાસો થયો**

# કચ્છમાં ઝડપાયેલી નકલી ED ટીમનો સભ્ય નીકળ્યો આમ આદમી પાર્ટીનો નેતા

## આમ આદમી પાર્ટીનો નેતા છે તેની તસવીર પણ આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ સાથે હોવાનો પુરાવો તેમણે આપ્યો છે

। (એજન્સી) ગાંધીધામ, તા.૧૩ ।

થોડા દિવસ અગાઉ કચ્છના ગાંધીધામ વિસ્તારમાં આવેલા રાધિકા જ્વેલર્સ તથા તેમના રહેણાંક મકાનમાં ૨ ડિસેમ્બરના રોજ નકલી EDના અધિકારીઓ બની ચોરી કરનાર ટોળકી પોલીસના જાળમાં આવી હતી. આ ટોળકીએ ઈડીની રેડના નાટક હેઠળ સોના-ચાંદી અને રોકડ રકમ સહિત ૨૫,૨૫,૨૨૫ મુદ્દામાલની ચોરી કરી હતી. આ નકલી ઈડીની ટીમને લઈને તાજેતરમાં મોટો ખુલાસો થયો છે. કચ્છમાં પકડાયેલી આ નકલી ઈડીની ટીમને લઈને ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ એક ટ્વિટ કરીને મોટો ખુલાસો કર્યો છે. તેમના જણાવ્યા અનુસાર, આ નકલી ઈડીની ટીમમાં અબ્દુલ સત્તાર નામનો શખ્સ પણ જોડાયેલો હતો, જે આમ આદમી પાર્ટીનો નેતા અને જનરલ સેક્રેટરી હોવાનો ખુલાસો કર્યો છે. તેની તસવીર પણ આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ સાથે હોવાનો પુરાવો તેમણે આપ્યો છે. ચોરીની ઘટનાને પગલે રાધિકા જ્વેલર્સના માલિકે ગાંધીધામ છ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની ગંભીરતા જોતા, પૂર્વ કચ્છ LCBના પોલીસ ઈન્સ્પેક્ટરની આગેવાની હેઠળ વિશેષ તપાસ માટ LCB અને છ ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમોને ચુસ્તપણે કાર્યરત કરાઈ હતી. કેસની તપાસ માટે આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ, ટેક્નિકલ સર્વેલન્સ, હ્યુમન સોર્સ અને CCTV ફૂટેજના આધારે આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓની ઓળખ કરી તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ભુજ, ગાંધીધામ અને અમદાવાદ સહિતના સ્થળોએ અલગ અલગ ટીમોને તપાસમાં ગતિ આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ તપાસ દરમિયાન, નકલી EDની ટીમના કુલ ૧૨ આરોપીઓ સામે પુરાવા મળ્યા હતા. આશ્ચર્યજનક વાત એ હતી કે, આ ટોળકીમાં એક મહિલા પણ સામેલ હતી. પોલીસના દબાણ હેઠળ આરોપીઓએ ગુનાની કબુલાત આપી હતી. તપાસમાં ખુલ્યું કે આરોપીઓએ સુનિયોજિત રીતે EDના અધિકારીઓના રૂપમાં પોતાને રજૂ કરી આ ગુનાને અંજામ આપ્યો હતો. પોલીસે ટોળકીને પકડી ૪૫.૮૨ લાખના મુદ્દામાલ કબજે કર્યા છે. સાથે સાથે આરોપીઓની મોડસ ઓપરેન્ડી જાહેર કરી હતી, જેમાં તેઓની ગુનાહિત રીત અને પ્રણાલીની વિગતો સામેલ છે.

**એગ્રીમેન્ટની તમામ પ્રક્રિયા તંત્રને વિશ્વાસમાં લીધા વિના કરી**

# વડોદરાની નામાંકિત શાળા ટ્રી હાઉસને CBSEએ આપી નોટિસ

## ટ્રી હાઉસ શાળાના સંચાલકોને સરકારી તંત્રએ નોટિસ ફટકારતા ૩૦ દિવસમાં જવાબ રજૂ કરવાની સૂચના આપી

। (એજન્સી) વડોદરા, તા.૧૩ ।

વડોદરાની નામાંકિત ટ્રી હાઉસ શાળાને CBSEએ નોટિસ આપી. શહેરના અટલાદરા વુડા કોલોની પાસે આવેલ ટ્રી હાઉસ શાળાના સંચાલકોને સરકારી તંત્રએ નોટિસ ફટકારતા ૩૦ દિવસમાં જવાબ રજૂ કરવાની સૂચના આપી. શાળાની મિલકત અને વેચાણ તેમજ એગ્રીમેન્ટની તમામ પ્રક્રિયા તંત્રને વિશ્વાસમાં લીધા વિના કરી હોવાનો ટ્રી હાઉસ શાળા પર આક્ષેપ કરતી નોટીસ આપવામાં આવી છે.

અટલાદરા વુડા કોલોની પાસે આવેલ ટ્રી હાઉસમાં થોડા સમય બાદ એડમિશન પ્રક્રિયા શરૂ થવાની છે. ત્યારે શાળા સંચાલકોને નોટિસ મળતા શિક્ષકો સહિત વાલીઓ પણ મૂંઝાયા છે. જણાવી દઈએ કે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડના એફીલેશન અંતર્ગત ટ્રી હાઉસ હાઈસ્કૂલની નોંધણી થયેલ છે. આ એફિલેશન મુજબ શાળાએ કેટલાક નિયમોનું પાલન કરવાનું હોય છે. શાળાના વેચાણ કે અન્ય કોઈ પ્રક્રિયા કરી હોવાનું CBSEના ધ્યાનમાં આવ્યું. ટ્રી હાઉસની શાળાની વિગતો ધ્યાને પડતા CBSE બોર્ડ દ્વારા ગત ૫ ડિસેમ્બરે ટ્રી હાઉસ શાળાને નોટિસ આપવામાં આવી. અને આગામી ૩૦ દિવસમાં શાળા મેનેજમેન્ટને CBSEએ આ મામલે ખુલાસો કરી જવાબ આપવા કહ્યું. બોર્ડનું કહેવું છે કે શાળાએ સરકારી વિભાગ સાથે કરેલ કરારનો ભંગ કર્યો છે. તારીખ ૩૧ માર્ચ ૨૦૧૭ના સમયગાળાથી CBSE સાથે કરેલ એફિલેશન મુજબ ટ્રી હાઉસ શાળા કરાર હેઠળ સંકળાયેલ છે. આથી શાળાએ CBSEના કાયદા તેમજ નિયમોનું પાલન કરવું જરૂરી છે. CBSEના ધ્યાનમાં ટ્રી હાઉસ શાળાએ રમેશભાઈ દેસાઈ અથવા ઝબ્બર રીયલ્ટી એલએલપી સાથે કેટલાક વેચાણ દસ્તાવેજ કર્યા હોવાનું માલુમ પડ્યું છે. આ મામલાને લઈને CBSEએ શાળા સંચાલકોને નોટિસ ફટકારી જવાબ રજૂ કરવા કહ્યું.

જણાવી દઈએ કે ગુજરાત સહિત અન્ય રાજ્યમાં પણ ટ્રી હાઉસ સંસ્થા હેઠળ અનેક શાળા તથા હાઈસ્કૂલ છે. આગામી મહિનામાં અનેક CBSE શાળાઓમાં એડમિશન પ્રક્રિયા શરૂ થવાની છે. ટ્રી હાઉસ સંસ્થાનો વ્યાપ વધી રહ્યો છે અને ગુજરાત ઉપરાંત અનેક સ્થાનો પર શાળાઓની શરૂ થઈ છે.

**વિવાદ અમદાવાદ પોલીસનો પીછો છોડતો નથી**

# ખોખરાના સબ ઇન્સ્પેક્ટરની છાતીમાં કોણી મારી ગુનેગાર ભાગ્યો

## કાલુપુર સહજાનંદ માર્કેટના ભરચક વિસ્તારમાં હાથમાં હાથકડી સાથે આરોપી ભાગી ગયો, પોલીસ જોતી રહી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

ખોખરા પોલીસના હાથમાંથી રીઢો ગુનેગાર આસીફ ભેડિયા ફરાર થઈ ગયો હતો. તેને લઈને ખોખરા પોલીસ તપાસ માટે કાલુપુર સહજાનંદ માર્કેટમાં ગઈ હતી. તેના એક હાથમાંથી હાથકડી છોડવામાં આવી ત્યારે સબ ઈન્સ્પેક્ટર વી.સી. પરમારને છાતીમાં કોણી મારીને ભેડિયા ભાગી ગયો. વધુ એક વખત અમદાવાદ પોલીસ વિવાદમાં આવી. આ બાબતે કાલુપુર પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. ખરેખર ભેડિયા ભાગી ગયો છે કે તેને ભગાડવામાં આવ્યો છે તેની તપાસ ચાલી રહી છે. તેને ઝડપી લેવા માટે કવાયત ચાલી રહી છે.

ચોરીના જુદા જુદા કેસમાં સંડોવાયેલા આસીફ યુસુફભાઈ પટેલ ઉર્ફે ભેડિયા (રહે. બેરલ માર્કેટ, દાણીલીમડા) અને અતિયાર રહેમાન યાકુબઅલી શેખ(દાણીલીમડા)ને ખોખરા પોલીસે તપાસ માટે ટ્રાન્સફર વોરંટથી લાવી હતી. જૂની ચોરીના કેસમાં ભેડિયાની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તેણે મુદ્દામાલ અંગે કાલુપુર સહજાનંદ માર્કેટમાં તપાસ માટે જવાનું હોવાથી ખોખરાના પીએસઆઈ વી.સી. પરમાર અને હેડ કોન્સ્ટેબલ શિવપ્રકાશ શેષમણી મુદ્દામાલની તપાસ માટે સહજાનંદ માર્કેટ ગયા હતા. ત્યાં ભેડિયાએ જે દુકાનમાં માલસામાન ગાળવા આપ્યો હતો તેની પૂછપરછ કરવાની હતી. પીએસઆઈએ ભેડિયાના એક હાથમાંથી હાથકડી ખોલી હતી. કોન્સેટબલ દુકાનમાં પૂછપરછ કરવા ગયો ત્યારે પીએસઆઈ પરમાર ભેડિયાને પકડીને ઊભા હતા. મોકો મળતાં ભેડિયાએ પરમારની છાતીમાં કોણી મારી સીડીઓ પર કૂદીને એક હાથમાં હાથકડી સાથે ફિલ્મી સ્ટાઈલે ભાગી ગયો હતો. પીએસઆઈ પરમાર અને પોલીસ કોન્સ્ટેબલ શેષમણીએ તેને પકડવા પ્રયાસ કર્યો હતો પરંતુ તે ભાગી જવામાં સફળ રહ્યો હતો. તેના ઘરે અને તે જે જગ્યાએ ભાગીને જઈ શકે તેવી તમામ જગ્યાએ તપાસ કરતાં તેની ભાળ મળી નહોતી.

એલિસ બ્રિજ, કાગડાપીઠના ઈન્સપેક્ટર સહિત છેલ્લા બે મહિનામાં ૧૨ પોલીસ કર્મચારી સસ્પેન્ડ થયા છે. ફરજ પર બેદરકારી બદલ પોલીસ કમિશનર તેમજ ડીસીપી દ્વારા પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવાયા છે.

# મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન અંતર્ગત દાણીલીમડા ખાતે સ્થાનિક મહિલાઓ અને કિશોરીઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

। અમદાવાદ, તા.૧૩ ।



અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી હેઠળ કાર્યરત 'સંકલ્પ : હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમન' ટીમ દ્વારા મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન અંતર્ગત અર્બન હેલ્થ સેન્ટર, દાણીલીમડા ખાતે સ્થાનિક મહિલાઓ અને કિશોરીઓ માટે મહિલા સુરક્ષા સંબંધિત યોજનાઓ અને નારી અદાલતની કામગીરી અંગેની માહિતી આપતો જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં 'સંકલ્પ : હબ ફોર એમ્પાવરમેન્ટ વિમન' યોજનાના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશ સોલંકી દ્વારા મહિલા સુરક્ષા સબંધિત યોજનાઓ, જેમાં કેન્દ્ર પુરસ્કૃત સખી વન સ્ટોપ સેન્ટર યોજના, ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન યોજના, બેટી બચાઓ બેટી પઢાઓ યોજના તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ અમલીકૃત મહિલા સહાયત કેન્દ્ર, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર યોજના વિશે માહિતી આપી હાજર મહિલાઓને મહિલા સુરક્ષા સબંધિત યોજનાઓથી જાગૃત કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત, સ્પેશિયાલિસ્ટ ઈન ફાઈનાન્સ લિટરસી સુશ્રી હેમલ બારોટે મહિલા કલ્યાણકારી યોજનાઓ જેવી કે, વ્હાલી દીકરી યોજના, મહિલા સ્વાવલંબન યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના તેમજ ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના વિશે માહિતી આપી હતી.

# રાજકોટના નામાંકિત ઝવેરી ભાસ્કર પારેખ સામે ફરિયાદ

। (એજન્સી) રાજકોટ, તા.૧૩ ।

રાજકોટ શહેરના નામાંકિત ઝવેરી ભાસ્કર પારેખ જુગાર મામલે નવો વળાક આવ્યો છે. જુગારના ખોટા કેસમાં ફસાવીને ૬૩ લાખનો તોડ કરવા બદલ પોલીસ ઈન્સ્પેક્ટર વાય. કે.ગોહિલ અને રાઈટર કોન્સ્ટેબલ મહિપતસિંહ સામે મોરબી પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સાવ ખોટો કેસ થયાની DGPને અરજી મળ્યા બાદ સ્ટેટ મોનિટરિંગ સેલના એસપી નિર્લિપ્ત રાયની તપાસમાં મોટો ધડાકો થયો હતો. મોરબીના ટંકારાના રિસોર્ટમાં પ્રતિષ્ઠિત નબીરાઓને ખોટા કેસમાં પડાવી ૬૩ લાખ પડાવી લેવાયા હતા. માર નહીં મારવાના, લોકઅપમાં નહીં મૂકવાના અને પ્રેસનોટ જાહેર નહીં કરવાના પોલીસે રૂપિયા પડાવ્યા હતા. સ્ટેટ મોનિટરિંગ સેલે સીસીટીવી અને લોકોના નિવેદનો લઈને પોલીસના કાળા કરતુતોનો ભાંડો ફોડ્યો છે. લાખોની લાંચ લેનાર PI ગોહિલ સસ્પેન્ડ થયા બાદ લાપતા છે. જ્યારે રાઈટર કોન્સ્ટેબલ મહિપતસિંહની શોધખોળ ચાલુ છે.

# રસોયાએ ભૂલમાં લાડુને બદલે કાજુકતરી બનાવી દીધી હતી

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૩ ।

હાલ લગ્નની સિઝન ચાલી રહી છે. લગ્નમાં અલગ અલગ જાતની ઘણી વસ્તુ ભોજનમાં રાખેલી હોય છે. આજકાલ લોકો આ ખાસ પ્રસંગને યાદગાર બનાવવા માટે અલગ-અલગ અને નવી રીતો અપનાવવા લાગ્યા છે. પરંતુ શું તમે જાણો છો કે, લગ્નનાં જમણવારમાં એક જગ્યાએ રસોયાએ ભૂલમાં લાડુને બદલે કાજુકતરી બનાવી દીધી હતી. અને ત્યારબાદ માતમ છવાઈ ગયો હતો. બનાસકાંઠામાં ધાનેરાના સામરવાડામાં લગ્નમાં લાડુના બદલે કાજુ કતરી બનાવી દેતા કેટલાક લોકોએ રસોયા સાથે ઝઘડો કરી ધક્કો મારતા તેનું મૃત્યુ થયું છે. ધક્કો મરાતા રસોયો બેભાન થઈ ગયો ત્યારબાદ હોસ્પિટલમાં ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો છે. આ ઘટના બનાસકાંઠા જિલ્લાના ધાનેરાની છે. જ્યાં સામરવાડા ગામમાં લગ્ન પ્રસંગમાં રાજસ્થાનના સુખદેવ પ્રજાપતિને રસોયાનું કામ સોંપવામાં આવ્યું હતું.

# ઝાલોદ તાલુકાના લીલવા ઠાકોર PHC ખાતે મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર સ્કિનીંગ કેમ્પ યોજાયો







તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

સ્વસ્થ મહિલા સ્વસ્થ ભારત અંતર્ગત મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર સ્કિનીંગ કેમ્પ યુવરાજસિંહ ફાઉન્ડેશન દ્વારા યોજાયો. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. તેમજ મહિલાઓને થતી અન્ય બીમારીઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. અને તેનાથી બચવા માટેના ક્યાં ક્યાં પગલા જરૂરી છે તે બાબતે પણ સમજણ આપવામાં આવી હતી. મહિલાઓને સેલ્ફ બ્રેસ્ટ એક્ષામીનેશન ડેમો પણ આપવામાં આવ્યા.


ગુજરાત રાજ્ય
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ





રેશનકાર્ડના e-KYC બાબતે પ્રજાજોગ મહત્ત્વની જાણકારી

૧. રાજ્યના તમામ રેશનકાર્ડ ધારકોને વિનંતી કે, જે લાભાર્થીઓનું e-KYC બાકી છે, તેઓને તા. ૩૧ ડિસેમ્બર – ૨૦૨૪ બાદ પણ મળવાપાત્ર અનાજ યથાવત્ મળશે. તેમાં કોઈ ઘટાડો નહીં થાય કે બંધ નહીં થાય.
૨. આ જ રીતે સરકારશ્રીની અન્ય યોજનાઓનો લાભ પણ તા. ૩૧ ડિસેમ્બર–૨૦૨૪ બાદ મળતો રહેશે.
૩. આથી, e-KYC માટે બાકી રહેતા તમામ રેશનકાર્ડ ધારકોને અફવાઓથી ગેરમાર્ગે ન દોરાવા તથા બિનજરૂરી ગભરાટથી દૂર રહેવા વિનંતી છે.
૪. રેશનકાર્ડમાં e-KYC માટે સરકારી કચેરીમાં જવાના બદલે આપ ઘરે બેઠાં "MY RATION" મોબાઇલ એપ્લિકેશનથી સરળતાથી e-KYC કરી શકો છો.
૫. રેશનકાર્ડમાં e-KYC માટે આપના તથા કુટુંબના તમામ સભ્યોના આધાર કાર્ડમાં સરનામા, મોબાઈલ નંબર જેવી વિગતો અદ્યતન હોવી જરૂરી છે.

આધાર કાર્ડમાં સુધારા માટેની જાણકારી.

૧. આધાર કાર્ડમાં સરનામામાં સુધારો ઘરે બેઠાં થઈ શકે છે.
૨. આ માટે UIDAIની વેબસાઈટ www.uidai.gov.in પર "My Aadhaar" વિકલ્પ પસંદ કરો.
૩. આધાર કાર્ડમાં ફેરફાર કરવાપાત્ર વિગતો પસંદ કરીને જરૂરી દસ્તાવેજ અપલોડ કરો.
૪. આધાર કાર્ડમાં મોબાઈલ નંબરના સુધારા માટે આપ નજીકની પોસ્ટ ઓફિસ, બેંક, ઈ–ગ્રામ કેન્દ્ર, ઝોનલ કચેરી અથવા જનસેવા કેન્દ્ર પર જઈને સુધારો કરી શકો છો.
૫. આપની નજીકના આધાર કેન્દ્રની જાણકારી https://bhuvanapp3.nrsc.gov.in/aadhaar/ પોર્ટલ પરથી મેળવી શકો છો.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration " મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે